પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૨/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ મહા વદ–૧ વર્ષ : ૧૫ અંક : ૦૬૩

**સુવિચાર**

ઉત્સાહ, સામર્થ્ય અને મનમાં હિંમત આ સફળતા મેળવવાનાં આવશ્યક ગુણો કહેવાયા છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## હંગામી બસ સ્ટેન્ડમાં મુસાફરો છેલ્લા પાંચ વર્ષથી પિડા ભોગવી રહ્યા હોય

# ભાઈ સા'બ : અમરેલીનાં બસ સ્ટેન્ડ અને ઓવરહેન્ડ ટેન્કનું કરો લોકાર્પણ


**સાવરકુંડલા માર્ગ અને હિરકબાગનાં ઓવરહેન્ડ ટેન્ક અને સમ્પને કાર્યરત કરવા જરૂરી**

**રાજમહેલનાં રીનોવેશનની કામગીરી પણ શરૂ કરવામાં આવતી નથી**

**મંજૂરી મળ્યાને ૬ મહિના બાદ પણ હજુ સુધી રાજમહેલનું રીનોવેશન શરૂ થતું નથી**

**રીવરફ્રન્ટની જાહેરાત તો થઈ પણ કાર્ય શરૂ થતાં હજુ ૬ મહિના પસાર થાય તો નવાઈ નહી**






અમરેલી, તા.૨૪

અમરેલી શહેરમાં વિકાસકાર્યોની ગતિ ગોકળગાયને પણ શરમાવે તેવી જોવા મળી રહી છે. આજના ટેકનોલોજીનાં યુગમાં વિકસિત દેશો ગણતરીનાં દિવસોમાં મહાકાય મકાનો, પુલ કે અન્ય વિકાસ કાર્યો પૂર્ણ કરી દેતા હોય તેવા સમયે અમરેલીમાં સામાન્ય કામમાં પણ બેથી સાત વર્ષનો સમય પસાર થાય છે.

અમરેલીમાં છેલ્લા પાંચ–છ વર્ષથી બનતાં એસ.ટી. બસ પોર્ટનું કાર્ય પૂર્ણ થતું નથી અને મુસાફરો હંગામી બસ સ્ટેન્ડની સમસ્યાથી ત્રાહીમામ થઈ ચુકયા છે. તો સાવરકુંડલા માર્ગ ઉપર બનેલ ઓવરહેન્ડ ટેન્ક અને સમ્પ પણ શોભાનાં ગાંઠીયા સમાન બન્યા છે તો હિરકબાગમાં પણ એકાદ વર્ષથી ઓવરહેન્ડ ટેન્ક અને સમ્પ તૈયાર થયા છે પરંતુ મશીનરી ફીટ હજુ સુધી થઈ નથી.

તદુઉપરાંત રાજમહેલનું રીનોવેશન અને રીવરફ્રન્ટ બનાવવાની જાહેરાત થયાને ૩–૪ મહિનાનો સમય પસાર થયો હોય કામ શરૂ થતું નથી તેમજ મહુવા–જેતપુર વચ્ચેનો નેશનલ હાઈવે લગભગ પાંચ વર્ષ પહેલા મંજુર થયો છે હજુ કામ કયારે શરૂ થશે તેની કોઈને ખબર નથી.

અમરેલીને બ્રોડગેજ રેલ્વે, એફએમ રેડિયો, સાંતલી જળાશય સહિત અનેક કામો પેન્ડીંગ પડયા છે તેનો પણ કોઈ ઉકેલ જોવા મળતો ન હોય જિલ્લાની જનતાં પણ વિકાસ કાર્યો ઝડપથી લોકોપયોગી બને તેવું ઈચ્છી રહી છે.

## અમે તો રજૂઆત કરીને થાકયા સરકાર તારા મનમાં નથી

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં પીકઅપ બસ સ્ટેન્ડ અને અમરેલીથી નાથદ્વારા અને મુંબઈની બસ સેવા શરૂ કરો

**ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સે નાયબ દંડકને પત્ર પાઠવી રજૂઆત કરી**

અમરેલી, તા. ૨૪

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં પ્રમુખ ચતુરભાઈ અકબરી અને કાર્યકારી પ્રમુખ હરેશભાઈ સાદરાણીએ નાયબદંડક કૌશિક વેકરિયાને પત્ર પાઠવેલ છે. હાલમાં અમરેલી શહેરની જનતાને અમરેલી થી મુંબઈ જવા માટે એસ.ટી.બસ તથા રેલ્વેની કોઈપણ સુવિધા નથી. તો અમરેલી થી મુંબઈ તથા અમરેલીથી નાથદ્વારા જવા માટે એસ.ટી.બસની સુવીધા મળે તો અમરેલીની જનતાને ઘણો ફાયદો થાય તેમજ અમરેલીથી મુંબઈનો પણ પુરતો ટ્રાફીક મળી શકે તેમ છે. છતા વચ્ચે અમરેલી થી મુંબઈ બસ ચાલુ હતી તે પણ બંધ કરી દેવામાં આવેલ છે. માટે બંને બસ ચાલુ થાય તેવી રજુઆત છે. હાલમાં પ્રાઈવેટ બસો અમરેલી થી ઘણી ચાલુ છે, તેમને પુરતો ટ્રાફીક મળી રહે છે.તો અમરેલી મુંબઈ તથા નાથદ્વારા બસ શા માટે અમેરલી ડેપોમાંથી ફાળવવામાં આવતી નથી. આ બંને બસ ચાલુ થાય તો અમરેલીની જનતાને ઘણો ફાયદો થાયે પ્રાઈવેટ બસોમાં જવામાં ભાડા

અનુસંધાન પાના ૬ ઉપર

## સદ્નસીબે જાન–માલની નુકસાની ટળી

# અમરેલી ખાતે પીજીવીસીએલની ડિવિઝન કચેરીમાં અચાનક આગ

**ફાયર ટીમે ગણતરીની કલાકોમાં આગ બુજાવી**

અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરની મધ્યમાં આવેલ ફોરવર્ડ સર્કલ પાસેની પીજીવીસીએલ કચેરી ખાતે ડિવિઝન બે ના ડિપાર્ટમેન્ટમાં અચાનક આગ લાગવાની દુર્ઘટના ઘટી હતી. જેની ટેલીફોનિક જાણ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને કરતા ફાયર ઓફિસર એચ. સી. ગઢવીની આગેવાની હેઠળ ફાયર ફાઈટર તુરંત ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ગણતરીના સમયમાં જ આગ પર કાબૂ મેળવ્યો હતો સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થવા પામેલ નથી.

## આત્મહત્યા કેસની ઘટનાની તપાસમાં નામ ખુલતા

# અમરેલીનાં એક અને બગસરાનાં ત્રણ વ્યકિતને કેરલ પોલીસ ઉઠાવી ગઈ

**ત્રણ આરોપીઓને સુલતાન બથેરી કોર્ટમાં રજૂ કરતાં ૧૪ દિવસનાં રીમાન્ડ મંજૂર**



બગસરા, તા. ૨૪

કેરળના વાયનાડ જિલ્લાના મીનઅંગાડી ગામે એકયુ ઓકે લોન એપ્સના માધ્યમથી લોન લીધા બાદ ભરપાઈ કરી ન શકતા આ યુવાનને

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


Since 1986
બાલમુકુંદ જવેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,290/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Airyam ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
■ શું આપને ઉદાસી રહે છે ? ■ રડવું આવે છે ?
■ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
ક્લિનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ..
શ્રધ્ધાંજલિ
સ્વ. હરિભાઈ લીંબાભાઈ ગોહિલ
મુ. બાબાપુર • સ્વ.તા.૨૫-૦૨-૨૦૨૩
બાપુજી આપનું જીવન અમારી પ્રેરણા હતું આપના આદર્શો અમારા માર્ગદર્શન હતા.
અમે આપના સરળ અને સ્વમાની જીવન, ઉચ્ચ વિચારો અને સમાજ તથા
જરૂરીયાતમંદોને મદદ કરવાની ભાવનાના દયાળુ સ્વભાવને કયારેય
ભુલીશું નહીં હજુ મન નથી માનતું કે આપ અમારી વચ્ચે નથી.
આપના દિવ્ય અને શુદ્ધ આત્માને ભગવાન શાંતિ આપે
લી.
શરદભાઈ હરિભાઈ ગોહિલ (પુત્ર)
મધુબેન શરદભાઈ ગોહિલ (પુત્રવધુ)
પ્રવિણભાઈ હરિભાઈ ગોહિલ (પુત્ર)
ભારતીબેન પ્રવિણભાઈ ગોહિલ (પુત્રવધુ)
અજીતભાઈ શરદભાઈ ગોહિલ (પૌત્ર)
નિરૂબેન અજીતભાઈ ગોહિલ (પૌત્રવધુ)
પાર્થ પ્રવિણભાઈ ગોહિલ (પૌત્ર)
સ્મીત પ્રવિણભાઈ ગોહિલ (પૌત્ર)
અજિંકય અજીતભાઈ ગોહિલ (પ્રપૌત્ર)
તથા હરેશકુમાર,જાગૃતિબેન,વિપુલકુમાર
દિવ્યાબેન, જાનવી, ડેચાંશી
અને બાબાપુરથી સમગ્ર ગોહિલ પરિવારનાં વંદન

# દામનગર : ભાલવાવ–વાવડી વચ્ચે રૂપિયા ૨.૧૬ કરોડનાં ખર્ચે માર્ગ બનાવવાનો પ્રારંભ



લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાં લાઠી તાલુકાના ભાલવાવથી વાવડી તરફ જિલ્લા હદ સુધી પાકા ડામર રોડના ખાતમુહૂર્તનો કાર્યક્રમ વિધિવત રીતે યોજાયો હતો. જિલ્લા પંચાયત માર્ગ અને મકાનની રૂપિયા ૨ કરોડ ૧૬ લાખની અનુદાનની રકમમાંથી ભાલવાવથી વાવડી રોડ બનાવવામાં આવશે. નોન પ્લાન પાકા ડામર રોડની ટુંક જ સમયમાં શરૂઆત કરવામાં આવશે, આગામી દિવસોમાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે, ભાલવાવ ખાતે રોડના ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગ્રામજનો સાથે ચર્ચા કરી રોડનું કામ ગુણવત્તા યુકત થાય તે અંગેની તકેદારી રાખવા જણાવ્યું હતું. લાઠી તાલુકાના ભાલવાવ ગામે રોડના ખાતમુહુર્ત પ્રસંગે લાઠી તાલુકા પંચાયત સદસ્ય નરેશભાઈ ડોંડા, ગામના સરપંચ કલ્પેશભાઈ વિરાણી, તાલુકા ભાજપ મહામંત્રી દિનેશભાઈ જમોડ, ઉપ સરપંચ હમીરભાઈ સાંચલા, માજી સરપંચ નાગજીભાઈ માંગરોલિયા, દીપસિંહ ગોહિલ, ગોરધનભાઈ ગોરસિયા, તખ્તસિંહ ગોહિલ, ધનસુખભાઈ વિરાણી, રમેશભાઈ વિરાણી, ગુલાબસિંહ ગોહિલ, તુલસીભાઈ ચૌહાણ, અજીતસિંહ ગોહિલ, ઘનશ્યામસિંહ ગોહિલ, ભનુભાઈ માંગરોલિયા, પરબતભાઈ ગોરસિયા, બાલાભાઈ જસાણી, સહદેવસિંહ સહિતના આગેવાનો, ગ્રામ પંચાયતના સદસ્યો, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# સાવરકુંડલા માનવ મંદિરમાં અખંડ રામાયણના પાઠ શરૂ


અમરેલી, તા. ૨૪

સાવરકુંડલાથી પાંચ કિલોમીટર હાથસણી રોડ ઉપર માનવ મંદિર મનોરોગી નિરાધાર બહેનોનો આશ્રમ આવેલો છે જયાં આવતીકાલ તારીખ ૨૫/૨/૨૪ રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે માનવ મંદિર સત્સંગ હોલ ખાતે કોડીનારથી ખાસ અખંડ રામાયણના પાઠ કરાવી રહેલા કાંતિભાઈ પઢીયાર અને તેમની ટીમ દ્વારા શરૂ કરવામાં આવશે. જેની અંદર માનવમંદિર પરિવારના સેવકો જોડાશે અને તારીખ ૨૬/૨/૨૪ સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પૂર્ણાહુતિ કરવામાં આવશે તો આ અખંડ રામાયણના પાઠની અંદર રામચંદ્રજી ભગવાન આરાધનાની એક અદ્દ્ભુત ઉર્જા અને શકિત હોય છે જેના દ્વારા અહીં આ ભકિત બાપુની નિશ્રામાં ૬૩ જેટલી બહેનો સારવાર અને સેવા લઈ રહી છે તેના જીવનમાં અને મન ઉપર એક પોઝિટિવ ઉર્જા ઊભી થાય તે માટેનો આ એક સફળ પ્રયોગ છે અને વર્ષમાં ચાર વખત કોડીનારથી કાંતિભાઈ પઢીયાર અને તેમની ટીમ રામાયણના પાઠ કરવા માટે આવે છે. જે તેમની મહત્વની અને પાયાની સેવા ગણાવી શકાય. તો આ સેવામાં સહભાગી થવા માટે અને રામાયણના પાઠમાં જોડાવા માટે રામભકતોને ભકિત બાપુનું આમંત્રણ છે.

# સા.કુંડલા રઘુવંશી સમાજનાં અગ્રણી મહેશ મશરૂનો આવતીકાલે જન્મદિન

ચલાલા, તા. ૨૪

સાવરકુંડલા લોહાણા મહાજનનાં ટ્રસ્ટી, સાવરકુંડલા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનાં પ્રમુખ વિરદાદા જસરાજ સેનાનાં સ્થાપક, અખિલ સૌરાષ્ટ્ર રઘુવિર સેના અમરેલી જીલ્લાનાં ઉપપ્રમુખ, સાવરકુંડલા લોહાણા સેવા સમાજનાં ઉપપ્રમુખ, વીકલી આઝાદ એકસપ્રેસ– અખબારનાં માલીક એવા બહુ પ્રતિભાશાળી સેવાભાવી એવા મહેશભાઈ મશરૂનો તા.૨૬/૨/૨૦૨૪ સોમવારનાં જન્મદિવ હોય તો તેઓને વધાવવા માટે અને શુભકામના પાઠવવા માટે તેમનો



બહુમોટો ચાહક વર્ગ થનગની રહ્યો છે.

## ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ શુભેચ્છા પાઠવી

# અમરેલી જિલ્લા પોલીસે ૫૯ ગુન્હામાં ફરાર આરોપીને ઝડપી લેતાં રૂપિયા ૫ લાખનું ઈનામ

**કરોડો રૂપિયાનું ડ્રગ્ઝ પકડનાર ગીર સોમનાથ પોલીસને ૧૦ લાખનું ઈનામ**

અમરેલી, તા. ૨૪

રાજયના વિવિધ જિલ્લાઓના ગુનાઓમાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ ચાલી રહી છે. આ ડ્રાઈવ દરમિયાન અમરેલી એલ.સી.બી.ની ટીમે રાજયના અલગ–અલગ ૧૧ જિલ્લાઓના ૧૮ ગુનાઓમાં વોન્ટેડ અને પ્રોહીબિશન સહિત કુલ ૫૯ ગુનાઓમાં જેની સંડોવણી છે તે આરોપી જુનાગઢના લિસ્ટેડ બુટલેગર ધીરેન કારીયાને મધ્યપ્રદેશના ઉજજૈન શહેર નજીકથી પકડી પાડવામાં આવ્યા છે. અમરેલી પોલીસને ગૃહ રાજયમંત્રીએ આ સરાહનીય કામગીરી બદલ રૂ.૫ લાખના ઈનામની જાહેરાત કરી છે. ઈરાનથી દરિયાઈ માર્ગે ગુજરાતના વેરાવળ ખાતે હેરોઈન લાવવામાં આવી રહ્યુ હોવાની બાતમી મળતા ગીર સોમનાથ એસઓજી દ્વારા વેરાવળ બંદરના નલિયા ગોદી કાંઠે દરોડો પાડી આશરે રૂા.૩૫૦ કરોડની કિંમતના હેરોઈન ડ્રગ્સનો ૫૦ કિલોનો જથ્થો પકડી પાડયો હતો. જેમાં ત્રણ મુખ્ય આરોપીઓ સહિત કુલ ૯ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ ગીર સોમનાથ પોલીસને આ પ્રશંસનીય કામગીરી બદલ રૂા.૧૦ લાખ ઈનામની જાહેરાત કરી છે.

## સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ

# બાબરામાં નગરપાલિકામાં રૂા. ૧ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરાઈ

**બાબરા, દામનગર, બગસરા, સાવરકુંડલા, લાઠી સહિત પાલિકામાં ફાળવણી**

બાબરા, તા. ૨૪

બાબરા નગરપાલિકામાં રાજય સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન ૨.૦ યોજના હેઠળ રૂા. ૧ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતા નગરપાલિકા દ્વારા શહેરના વિસ્તારમાં શૌચાલય તેમજ યુરિનલ બનાવવા માટે આગવું આયોજન કરવામાં આવી રહ્યું છે.

નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર તેમજ ઉપ પ્રમુખ અંકુર જસાણી દ્વારા જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ બાબરા નગરપાલિકાને રૂા. ૧ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. આ ગ્રાન્ટ માત્ર બાબરામાં નહિ પણ રાજય સરકાર દ્વારા સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રની નગરપાલિકામાં ફાળવણી કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં બાબરા સહિત દામનગર, લાઠી, ચલાલા, જાફરાબાદ, સાવરકુંડલા, બગસરા પાલિકામાં પણ રૂા. ૧ કરોડની ગ્રાન્ટ સ્પે. સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ આપવામાં આવી છે.

બાબરા નગરપાલિકા આ ગ્રાન્ટની ફાળવણી થતાં રૂા.





૬,૪૦,૦૦૦ના ખર્ચે બે યુરિનલ બ્લોગ અહીં શિવાજી સર્કલ તેમજ પાલિકા કચેરી પાસે બનાવવામાં આવશે તેમજ રૂા. ૫૦,૦૦,૦૦૦ ના ખર્ચે બે પબ્લિક ટોયલેટ બુધવારીના પુલ પાસે અને કરીયાણાં રોડ પાસે બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સિવાય રૂા. ૪૫,૦૦,૦૦૦ ના ખર્ચે અહીં ભાવનગર રોડ પર દયારામ બાપા સર્કલ તેમજ અમરેલી રોડ પર સરદાર વલ્લભભાઈ પટેલ સર્કલ પાસે બે જેટલા પબ્લિક ટોયલેટ બનાવવાનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે.

રાજય સરકાર દ્વારા બાબરા નગરપાલિકાને સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ રાજય સરકાર દ્વારા રૂા. ૧ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર તેમજ ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી દ્વારા રાજયના મુખ્યમંત્રીનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# ખાંભા ખાતે પશુ દવાખાનાનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ



તસ્વીર : ભાવીક કલસરીયા–ખાંભા



ખાંભા, તા. ૨૪

૫૫ વર્ષ પહેલા બનેલા અને અનેક વાવાઝોડા, ભૂકંપ સહન કરેલા ખાંભાના પશુ દવાખાના બાબતે અનેક રજૂઆતો અને માનતાઓ બાદ રૂપિયા ૪૨ લાખના ખર્ચે બનેલા નુતન પશુ દવાખાનું અને સ્ટાફ કવાર્ટર્સ તૈયાર થતા ખાંભા ધારી બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાના વરદ હસ્તે તારીખ ૨૨/૨/૨૦૨૪ ના રોજ લોકાર્પણ કરાયું.આધુનિક સુવિધાઓ સાથેનાં પશુ દવાખાનાના લોકાર્પણ અવસરે જિલ્લા પંચાયત સભ્યો–પ્રતિનિધિઓ–ખાંભાના અગ્રણીઓ–પત્રકારો આગેવાન નાગરિકો– જમીન દાતા પરીવારનાં સભ્યો, પશુ દવાખાનાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહેલ હતા. આ અવસરે આમંત્રિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરાયા બાદ દીપ પ્રાગટય–ઓપનિંગ સેરેમની– ચા નાસ્તાનું પણ આયોજન કરાયેલ તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પશુ દવાખાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવેલ.

## નાયબ દંડક કૌશિક વેકરિયાનાં જહેમતથી

# વડિયાનાં મેઘાપીપળીયા–તરઘરી વચ્ચે રૂપિયા ૫૦ લાખનાં ખર્ચે માર્ગ બનશે

**ગામજનો અને વાહનચાલકોએ આભાર માન્યો**

વડિયા, તા. ૨૪

વડિયા તાલુકાના તરઘરીથી મેઘાપીપળીયા ગામ સુધીનો રોડ અતિ બિસ્માર હાલતમાં હતો ત્યારે ખરાબ રોડ અંગે ગ્રામજનોએ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને રજુઆત કરતાં આજે આ મેઘાપીપળીયા તરઘરી વચ્ચે નવો ડામર રોડ ૫૦ લાખના ખર્ચે મંજૂર કરાવતા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા આજે તરઘરીથી મેઘાપીપળીયા સુધી રોડનું ખાતમુહૂર્ત કરી કામ શરૂ કરવામાં આવ્યું હતું. આ તકે જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક , તાલુકા ભાજપ પ્રમુખ પરસોતમભાઈ હીરપરા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, તરઘરી સરપંચ રમાબેન હીરપરા,





મેઘાપીપળીયા સરપંચ જે ડી ગુજરીયા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે લોકોએ અને કાર્યકર્તાઓએ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાનો આભાર વ્યકત કર્યો હતો.

# બાબરામાં પંચશીલ સ્કૂલમાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી માટે 'પરીક્ષાના યોદ્ધા' નામનો સેમિનાર યોજાયો




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં પંચશીલ વિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં માટે શાળા પરિવાર દ્વારા પરીક્ષાના યોદ્ધા શીર્ષક હેઠળ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા અને કવિ શ્રી પ્રકાશભાઈ દવે દ્વારા વિદ્યાર્થીને પરીક્ષા અંગે ખૂબ સારું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થી અને વાલીઓ હાજર રહ્યા હતા. શાળાના ટ્રસ્ટ મંડળ દ્વારા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં આગળ વધે અને સફળતાના શિખર સુધી પહોંચે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ડો. મનમોહનસિંગનાં ૧૦ વર્ષ બાદ વધુ ૧૦ વર્ષ પસાર થયા કોઈ પરિણામ નહી

# અમરેલી જિલ્લો મોદીકાળનાં ૧૦ વર્ષમાં પણ વિકાસથી વંચિત

**સમગ્ર દેશમાં વિકાસ, વિકાસ અને વિકાસની વાતો થઈ રહી છે તેવા સમયે પણ અમરેલીમાં ક્યાંય વિકાસ થયો હોય તેવું જોવા મળતું નથી**

**અમરેલી છોડીને ગયેલ વ્યકિત બે દાયકા કે ત્રણ દાયકા બાદ પરત આવે તો કહે કે અમરેલી તો એવું ને એવું જ રહ્યું**

**બ્રોડગેજ રેલ્વે, એફએમ રેડિયો, નેશનલ હાઈવે, ઉદ્યોગો, દરરોજ પાણી વિતરણ જેવી કોઈ સુવિધા નથી**

**જિલ્લામાં વિકાસ ન થતાં દર વર્ષે સેંકડો પરિવાર અન્ય શહેરો કે વિદેશમાં સ્થળાંતર કરવા મજબુર**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લાની ૧૫ લાખની જનતા એકવીસમી સદીનાં પ્રારંભથી બ્રોડગેજ રેલ્વે, નેશનલ હાઈવે, એફએમ રેડિયો, સરકારી મેડિકલ અને આયુર્વેદિક કોલેજ, ઉદ્યોગોની હારમાળા જેવી સુવિધાઓ ઝંખી રહી છે. પરંતુ છેલ્લા ૨૩ વર્ષમાં કેન્દ્રની ભાજપ બાદ કોંગ્રેસ અને હાલની ભાજપ સરકાર કે રાજયની ભાજપ સરકાર જિલ્લાની જનતાની અપેક્ષા પરિપૂર્ણ કરી શકી નથી તે હકીકત છે.

અમરેલી જિલ્લો એ કૃષિ પ્રધાન અને ડાયમંડ પ્રધાન છે અને આ બન્ને વ્યવસાય છેલ્લા ૨૩ વર્ષમાં વિકાસ પામવાને બદલે વિનાશ તરફ ગતિ કરતો હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. હીરા ઉદ્યોગ મરણ પથારીએ પહોંચ્યો છે તો કૃષિ બજારમાં ખાતર, બિયારણ અને દવાનો તોતિંગ ભાવ વધારો, ડીઝલનાં ભાવ પણ બેકાબુ થયા છે, સિંચાઈ માટે પરુતું પાણી અને વીજળી મળતા નથી અને અધુરામાં પુરૂ નીલગાય, દીપડાની સમસ્યાથી ખેડૂતો નાસીપાસ થઈ ગયા છે.

અમરેલી જિલ્લામાંથી દર વર્ષે સેંકડો પરિવાર રોજગારી, શિક્ષણ અને આરોગ્ય સેવાના અભાવથી મહાનગરો અને વિદેશમાં સ્થળાંતર કરવા મજબુર થયા છે અને સ્થળાંતરનાં કારણે જિલ્લાનાં વેપારીઓ પણ પુરતાં પ્રમાણમાં વેપાર કરી શકતા નથી અને ઘણા વેપારીઓ પણ દુકાનો બંધ કરવા મજબુર બન્યા છે.

અમરેલી છોડીને ૨૦ થી ૩૦ વર્ષ પહેલા બહાર ગયેલ કોઈ વ્યકિત થોડા દિવસો માટે પરત આવે તો કહે છે કે અમરેલીનો કોઈ વિકાસ થયો જ નથી માત્ર રાજકીય આગેવાનો આર્થિક રીતે સધ્ધર થયા હોવય તેવું લાગે છે.

દેશનાં પ્રધાનમંત્રી તરીકે ડો. મનમોહનસીંગ હોય કે નરેન્દ્ર મોદી હોય અમરેલીની કમનસીબી છે કે અમરેલી જિલ્લામાં વિકાસ કરવામાં સૌ કોઈ નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે.

અમરેલી જિલ્લામાં દરિયાકાંઠો અને ગીરનું જંગલ હોવા છતાં પણ પ્રવાસન કે અન્ય કોઈ ઉદ્યોગ કરવામાં આવતો નથી. સ્થાનિક નેતાઓ જિલ્લાની ધરતી કે જનતાનો વિકાસ કરવાને બદલે સ્વ વિકાસમાં વધુ સમય ફાળવતાં હોવાથી જનતાની વિકાસની ભૂખ ભાંગતી નથી તે હકીકત છે.

### એસ.પી.ની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# ડુંગલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોકસોનાં ગુન્હાનાં આરોપીની અટકાયત કરાઈ

**ગણતરીની કલાકોમાં આરોપી ઝડપાયો**

ખાંભા, તા. ૨૪

ડુંગર પોલીસ સ્ટેશનના એ પાર્ટ ગુ.ર.ન. ૧૧૧૯૩૦૬૨૨૪૦૦૧૪/૨૦૨૪ ઈ.પી.કો ૩૭૬-૨(જે)(એન), ૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ-૪, ૬, ૮ મુજબના ગુન્હાના આરોપીને ગણતરીની કલાકોમાપકડી પાડતી ડુંગર પોલીસ ટીમ.



ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમારનાઓએ રેન્જના જીલ્લાઓમાં ગંભીર ગુન્હાઓ આચરનારા ઈસમો ઉપર ગુન્હો દાખલ કરી તાત્કાલીક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિંમકરસિંહનાઓએ શરીર સબંધી તથા મીલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જેથી પરીણામલક્ષી કાર્યવાહી કરવા સાવરકુંડલા વિભાગ સારકુંડલા નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરા તથા સર્કલ પોલીસ ઈન્સપેકટર વી.એસ. પલાસ દ્વારા જરૂરી માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવેલ.

આ કામની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૨૨/૨/૨૪ના આ કામના ફરિયાદી/ભોગ બનનાર સાથે વારા ફરતી બે વાર ફરિયાદી/ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શારિરીક સબંધ બાંધી યેન શોષણ કરી બળાત્કાર આચરી અને બનાવની વાત જો કોઈને કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યા વિ. બાબત તા. ૨૨/૨/૨૪ના રોજ અત્રેના ડુંગર પોલીસ સ્ટેશનમાં પોકસો એકટ કલમ-૪, ૬, ૮ મુજબનો ગુન્હો રજી કરવામાં આવેલ. સદરહુ બનાવ બાબતે પો.સબ.ઈન્સ કે.જી. મયા તથા ડુંગર પોલીસ ટીમે આરોપીઓ ઉપર વોચ રાખી યોગ્ય બાતમી રાહે હકીકત મેળવી ગણતરીની કલાકોમા આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી કરવા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર વી.એસ. પલાસને સોંપવામા આવેલ છે.

### મહિલા સશકિતકરણનાં માહોલમાં બાળકીથી લઈને વૃધ્ધા અસલામત બની

# રાજુલાનાં જુના રેલ્વે સ્ટેશનનાં દરવાજાની સામે રમતી ૭ વર્ષની બાળકીનું અપહરણ કરનાર ઝડપાયો

**ઝડપાયેલ આરોપી દુષ્કર્મનાં કેસમાં જેલમાંથી પેરોલ પર છુટયો હતો**

અમરેલી, તા. ૨૪

રાજુલા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં એક તરૂણી ઉપર ખાનગી સ્કૂલના એક શિક્ષકે દુષ્કર્મ કર્યાની ફરિયાદ નોંધાયા બાદ આરોપીને ડુંગર પોલીસે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે ત્યાં જ રાજુલા ગામે આવેલ જુના રેલ્વે સ્ટેશનના ગેટની સામે અંદરની બાજુમાં રમતી એક ૭ વર્ષની બાળકીને કોઈ અજાણ્યો માણસ આવી અપહરણ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આ બાળકીના અપહરણ કરનાર શખ્સને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ મુળ ભાવનગર જિલ્લાના શિહોર ગામના વતની અને હાલ રાજુલા ગામે રહેતા એક શ્રમિકની એક ૭ વર્ષની બાળકી તા. ૨૩ના રોજ બપોરના ૧:૧૫ વાગ્યે રાજુલા ગામે આવેલ જુના રેલ્વે સ્ટેશનના ગેટની સામે અંદરની બાજુમા રમતી હોય તે દરમ્યાન કોઈ અજાણ્યો માણસ આવી બાળકીનું અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાતા પોલીસે આ બાળકીના અપહરણ કરનાર આરોપીને ઝડપી લેવાં નાકાબંધી કરી આરોપીને ઝડપી લઈ બાળકીને સલામત રીતે છોડવી લીધી હતી. ત્યારે રાજુલા પોલીસની સતર્કતાથી મોટો ગુનો બને તે પહેલા આરોપી જીતુભાઈ રવજીભાઈ ગોહિલ નામનાં ૩૫ વર્ષીય શખ્સ (રહે. જેજાદ, તા. સાવરકુંડલા) વાળા મોટા ગુનેગારને ઝડપી લીધો હતો.

આ બનાવમાં ઝડપાયેલા આરોપી જીતુભાઈ રવજીભાઈ ગોહિલ નામનાં શખ્સની પોલીસે પુરપરછ કરતાં આરોપી અગાઉ સાવરકુંડલાના એક ૨૦૨૧માં પાંચ વરસની બાળકી ઉપર દુષ્કર્મ આચરનાર વિરૂધ્ધ વંડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો અને આ ગુનામાં આરોપી આજીવન કેદની સજા પામેલ હતો. આ આરોપી તાજેતરમાં જ ગત તા. ૨૨/૧૨/૨૩ નાં રોજ પેરોલ ઉપર છુટેલ હતો અને ગત તા. ૧/૧/૨૪નાં રોજ જેલમાં હાજર થવાનું હતું. પરંતુ આરોપી જેલમાં હાજર થવાના બદલે ફરાર થઈ ગયેલ હતો આથી અમરેલી જિલ્લાની પોલીસ આરોપીને શોધતી હતી.

રાજુલા ગામે બાળકીના અપહરણની ફરિયાદ નોંધાતા રાજુલાના મહિલા પી.આઈ. ઈન્દૂબા ગીડા અને સ્ટાફે બનાવની ગંભીરતા સમજી ચારેબાજુ નાકાબંધી કરી અને જુદી જુદી ટીમો બનાવી અલગ અલગ દિશામાં તપાસ માટે દોડાવી હતી. ત્યારે પોલીસે બાતમીના આધારે રાજુલામાં આવેલ તત્વ જયોતિ નજીકના વિસ્તારમાંથી બાળકી સહિત આરોપીને ઝડપી લઈ આગવી ઢબે પૂછપરછ કરતા આરોપી પેરોલ ઉપર છૂટી અને ફરાર થયેલ હોવાનું સામે આવ્યું હતું. ત્યારે રાજુલા પોલીસ સમયસર આરોપી સુધી પહોંચી ના હોત તો આરોપી જીતુ બાળકીની હત્યા કરી નાખવાની પેરવીમાં હોવાનું પણ સામે આવ્યું હતું.

# રાજુલામાં મકાનમાંથી એરકંડીશનરની ચોરી

અમરેલી, તા. ૨૪

રાજુલાના ખોડીયાર નગર ખેતાગાળામાં રહેતા જીવકુભાઈ બાબુભાઈ ધાખડા નામનાં ૪૦ વર્ષિય ખેડૂતના કબ્જા ભોગવટાના ચાંદલીયા ડુંગર ઉપર આવેલ ખોડીયાર માતાજી તેમજ મામાદેવના ડુંગર નીચે બનાવેલ બે રૂમ હોલ વાળા મકાનમાં ગત તા.૧૫/૨ ના સાંજના આશરે છ વાગ્યાથી તા.૧૬/૨ ના સવારના આશરે સાડા અગિયાર દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ મેઈન દરવાજાનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી ધુણાવાળા રૂમમા લગાવેલ આશરે રૂપિયા ૩૦,૦૦૦ નું એ.સી. તેમજ કંપ્રેશર સહિત કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જઈ ગુન્હો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### પોલીસે આરોપીને ઝડપી લેતા

# અમરેલીનાં મોટા આંકડીયા અને વડેરા ખાતે થયેલ ચોરીનો ભેદ ખુલ્યો

**મહેબુબ પઠાણ નામના ઈસમની અટકાયત**

અમરેલી, તા. ૨૪

અમરેલીના મોટા આંકડીયા તથા વડેરા ગામે થયેલ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને અમરેલી તાલુકા પોલીસ ટીમે ઝડપી લીધેલ છે.



ગત તા. ૨૬/૧ના સવારના પાંચેક વાગ્યે રમેશભાઈ વિરજીભાઈ કયાડા (રહે મોટા આંકડીયા) વાળાના ફળિયામાં પડેલ કપાસની આઠ ગાંસડીઓ તથા વડેરા ગામના મનુભાઈ નાથાભાઈ દેથળીયા તથા મુળુભાઈ લખુભાઈ દેથળીયાની વાડીએથી કપાસની ત્રણ-ત્રણ ગાંસડીઓ મળી કુલ રૂપિયા ૨૯૭૦૦ના મુદ્દામાલની ચોરી કરી લઈ જઈ, ગુન્હો કરેલ હોય. જે અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૮૦, ૪૫૭ મુજબ ગુન્હો નોંધાયો હતો.


જે અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. આર.જી. ચૌહાણની રાહબરી હેઠળ અમરેલી તાલુકા ટીમ દ્વારા અલગ અલગ ટીમો બનાવી ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ.

અમરેલી જિલ્લામાં અલગ અલગ જગ્યાએ લોક ભાગીરીથી લગાવવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરી તેમજ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં મળેલ બાતમી હકીકતના આધારે મહેબુબ ઈસ્માઈલભાઈ પઠાણ નામનાં ઈસમને તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને પાલીતાણા ખાતેથી પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછપરછ કરતા ઉપરોકત ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરી તથા આ બનાવમાં સંડોવાયેલ આરોપી ચોથાભાઈ મનાભાઈ માથાસુળિયા (રહે. અમરેલી, લીલાનગર)ની શોધખોળ આદરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

તા. ૨૫-૦૨-૨૦૨૪


# ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૧૭૩**

**''દિવાના મસ્તાના હુવા દિલ ..જાને કહા હો કે બહાર આઈ''**
**''ચલ રી સજની અબ કયાં સોચે .કજરાના બહે જાયે રોતે રોતે''**
**પ્રિય વાચક મિત્રો,**




દેવ આનંદની ફિલ્મોની વાત કરી રહ્યા છીએ,નાયક અનેનાયિકા ફિલ્મોમાંએક પ્રેમીઓની ભૂમિકામાં જ જોવા મળતા હોય છે, પણનાયકનાયિકાને પ્રેમ કરતો હોય પણનાયિકા તેની ફિલ્મની કથા મુજબ બહેન હોય તો ? આવી કઠિન કહાની લઈ રાજ ખોસલા ફિલ્મ લઈ આવ્યા, જે તે સમયે અને આજેપણએક ફિલ્મ માટેએક જોખમ કેહવાય. આ પેહલા રાજ કપૂરની ફિલ્મ ' શારદા' પણ આવી જ કહાની સાથે બની હતી, અને રાજ ખોસલાના પુત્ર રવિએ અમિતાભ,અને સાયરા બાનુને લઈ આજ કહાની પર આગળ જતાં ' ઝમીર' ફિલ્મ બનાવી.પણ દર્શકોએ આ તમામ ફિલ્મોને સફળતા ના આપી.હા ..બમબઈ કા બાબુ એ અવેરેજ ફિલ્મ બની.દેવ આનંદ અને સૂચિત્રા સેનના અદ્દ્ભૂત અને યાદગાર અભિનયથી યાદ રખાતી ફિલ્મ એટલે બમબઈ કા બાબુ.

બમબઈ કા બાબુ – રાજ ખોસલા, ગુરૂદત અને દેવની મિત્રતા જાણીતી હતી, દેવે રાજને ગુરૂદત સાથે મેળાપ કરાવ્યો, સહનિર્દેશક અને ત્યારબાદ નિર્દેશક બન્યા, અને દેવ સાથે સફળ ફિલ્મો આપી, જેમ કે સી આઈ ડી, કાલા પાની. અને આ ફિલ્મથી જાલ મિસ્ત્રી સાથે ભાગીદારી કરી નિર્માતા અને નિર્દેશક બન્યા. રાજને ફિલ્મોમાં દેવ સાહેબ જ હીરો રેહતાંહતા, રાજ પહલેથી ઈંગ્લિશ ફિલ્મોની કથા પરથી ફિલ્મ બનાવવાના આગ્રહી હતા, અથવાએમ કહો કે ઈંગ્લિશ ફિલ્મની કથા ચોરી લેતા હતા, તો પણ ખોટું નથી.એ ડબલ ટાઈ રિસીવરએ ફિલ્મની કથા સાથે મળતી કથા એટ્લે બમબઈ કા બાબુ. રાજીન્દ્ર સિંગ બેદીની કહાની અને સંવાદ, જાલ મિસ્ત્રીની સિનેમા ઓટો ગ્રાફી, મજરૂહ સુલ્તાન પૂરીના ગીત અને એસ ડી બર્મનના યાદગાર સંગીત્ત સાથે, દેવ આનંદ, સૂચિત્રા સેન, અચલા સચદેવ, ધુમાલ,નાસિર હુસેન, મનોહર, લલિતા કુમારી, ટૂન ટૂન, નાસિર હુસેન, રસીદ ખાન અને જગદીશ રાજથી અભિનીત આ ફિલ્મ એવેરેજ સફળ રહી, ફિલ્મની કથા તે સમયે દર્શકોને પસંદના પડી, પણ દેવ અને સૂચિત્રાના અભિનયની ભારોભાર પ્રશંસા થઈ. કથા ટૂંકમાં જોઈએ તો, દેવ એક ચોર છે, અને જગદીશની ગેંગ સાથે કામ કરતો હોય છે, જગદીશ પાસે એક લોકેટ છે, જે તેની બચપણની નિશાની છે, તે જગદીશ દેવને સાચવવા આપે છે. દેવનો બચપણનો મિત્ર મનોહર એક પોલીસ ઈન્સ્પેકટર છે, અને દેવને સચ્ચાઈના રસ્તે લાવવા માંગે છે, પણ સમાજ જેએક વાર ચોર નું કલંક લાગી ગયું તેને તે ગમે તેટલા સારા કર્મ કરે પણ તેને તે વ્યકિતમાં કલંક પેહલા દેખાય છે, જેમ પુનમનો ચંદ્ર જોતાં અમુક લોકોને તેની ચાંદની અને ચમક કરતાંચંદ્રમાંલાગેલા દાગ પેહલા દેખાય છે, તેમ માનવીની વાસ્તવિક જીવનમાંપણ તેવુજ છે, કોઈ વ્યકિતથી અજાણતા પણ થયેલ ભૂલ સમાજ માફ કરતો નથી. તેમ દેવને ચોરનું કલંક સારા રસ્તે લઈ જતું નથી, પણ દોસ્તના કેહવાંથી તે જગદીશને હવે તે ગુનાહના રસ્તે નહી ચાલે તેમ કહે છે તે સંજોગોમાં જગદીશની ગેંગ પોલીસના હાથે પકડાઈ જાય છે, જગદીશ સમજે છે કે દેવે પોલીસને બાતમી આપી છે, તે જામીન પર છુટ્ટી દેવને મારવા પ્રયત્ન કરે છે, લડાઈમાં દેવના હાથે જગદીશની હત્યા થઈ જાય છે, દેવ મુંબઈ છોડી ભાગતા ભાગતા સિમલા પાસે એક ગામમાં આવી પહોચે છે..

ત્યાં તેની મુલાકાત રસીદ ખાન સાથે થાય છે, જે તેને આશરો આપે છે, રસીદની નજર તે ગામના ધનવાન વ્યકિતના સિરની દોલત પર છે, જેનો પાંચ વર્ષનો પુત્ર ગુમ થઈ ગયો હતો, અને દેવને તેના પુત્રની જગ્યાએ બેસાડી નાસિરની દોલત લૂટવાનો વિચાર છે, તે દેવને નાસિરનો પુત્ર બનવા પોલીસનો ડર બતાવી માનવી લે છે. દેવનાસિરને ત્યાં જઈ રસીદના કહયા મુજબ વર્ણન કરી તે નાસિર અને અંધ માતા અચલાનો પુત્ર અને સૂચિત્રાનો ભાઈ બની જાય છે, અને કટકે કટકે થોડી રકમ રસીદને આપતો રહે છે, રસીદ તિજોરીની તમામ દોલત તેને લૂટવાનું દબાણ કરે છે, પણ કયારેય માતા પિતાનું સુખના જોયેલ દેવ તેના બનાવટી માતા પિતાના સ્નેહ સામે કશું કરવા તૈયાર નથી. પણ તેની બહેન બનેલ સૂચિત્રા તેને પસંદ પડી જાય છે, અને સૂચિત્રા જેવી જીવન સાથી મળી જાય તો તે સચ્ચાઈના રસ્તે ચાલવા તૈયાર છે, પણ સૂચિત્રા તો દેવને ભાઈ માને છે.દેવ એકવાર સૂચિત્રાના વાળ માં ફૂલ બેસાડી દે છે, સૂચિત્રા નારાજ થઈ કહે છે કે તે તેની બહેન છે, પણ દેવ કહે છે કે દરેકસુંદર સ્ત્રીઓએ વાળમાં ફૂલ રાખવું જોઈએ, સૂચિત્રા દેવના વર્તનથી વિચારમય થઈ જાય છે, એક ભાઈ એક બહેનને આવી વાત અને આવી નજરથી કેમ જોઈ શકે ? તે તેને સમજાતું નથી.દરેક સ્ત્રી પુરૂષની નજરથી જાણી જાય છે કે તેના મનમાં તેના વિષે કેવા વિચાર સામેના પુરૂષમાં થઈ રહ્યા છે, સૂચિત્રા પણ દેવના અસામાન્ય વર્તનથી દેવ પર શંકા કરવા લાગે છે, તે શંકા ત્યારે મજબૂત બને છે, જયારે દેવ સૂચિત્રા પાસે રાખડી બંધવતો નથી. સૂચિત્રા એક રાતે દેવની પાછળ જાય છે, અને તેની અને રસીદની વાતો જે તેના પિતાની દોલત લૂટવા બાબત છે તે જાણી લે છે, સાથે દેવ તેનો ભાઈ નથી અને એક ચોર છે, સાથે તે સૂચિત્રાને ચાહે છે તે સમગ્ર વાત તે જાણી લે છે.પણ તેના માતા પિતા જે ઘણા વર્ષો બાદ મળેલ પુત્રનો વિરહ સહન કરી શકે તેમ નથી તે જાણી દેવનું સત્ય તેના પરિવારમાં કેહતી નથી.





સૂચિત્રાના લગ્ન નક્કી થાય છે, જે દેવને પસંદ નથી પણ તે કશું કરી શકે તેમ નથી. બીજી તરફ રસીદનું દબાણ વધતાં દેવ લગ્ન પેહલાની રાત્રિએ ચોરી કરી સમગ્ર દોલત લૂટવાનું નક્કી કરે છે, તિજોરીમાથી તમામ દોલત તે બેગમાં ભરે છે, ત્યારે એક લોકેટ જે જગદીશે તેને આપેલ તે મળે છે, સાથે વર્તમાન પત્રની જાહેરાત એક નાના બાળકની તસવીર સાથે તે જુવે છે, તેને ખ્યાલ આવી જાય છે કે તેનો મિત્ર જગદીશ જેની હત્યા તેણે જ કરી છે તે આ પરિવારનો પુત્ર હતો. પશ્ચાયતાપની આગમાં દેવ નક્કી કરે છે કે તે હવે તેના બનાવટી માતા પિતાને તેના માતા પિતા સમજી તેના પાપોથી મુકિત મેળવેશે.પણ રસીદ ત્યાં આવી દેવને ઘાયલ કરી તમામ દોલત લૂટી ભાગી જાય છે.

દેવ જીવના જોખમે રસીદ સાથે લડાઈ કરી તે તમામ દોલત પરત લઈ આવે છે, ત્યાં તેનો મિત્ર જે પોલીસ ઈન્સ્પેકટર છે ત્યાં આવે છે, પણ દેવ તેને સચ્ચાઈ કહે છે, દેવ હવે સત્યની રાહે જઈ રહ્યો છે જાણી તે દેવને મુકત કરે છે. દેવ સૂચિત્રાને તેની બહેન સમજી લગ્ન કરી વિદાય આપે છે. સૂચિત્રા પણ સમજી જાય છે કે તેના માતા પિતાને હવે બનાવટી નહીં પણ સાચો પુત્ર પ્રાપ્ત થયો છે, તે જાણી તે દેવનું સત્ય કાયમ માટે બહારના લાવવાનું વચન આપે છે.આ ફિલ્મમાં સૂચિત્રા સેન અને દેવ સાહેબે અદ્વિત્ય અભિનયનું ઉદાહરણ આપેલ છે,એક નાયક જે જાણે છે કે નાયિકા તેની બહેન નથી અને તને ચાહે છે, પણ કહી શકતો નથી અનેએક નાયિકા જેને એ ખબર નથી કે જેને તે ભાઈ સમજે છે તે તેનો ભાઈ નથી, અને તેની કામુક નજરથી તે વ્યથિત થાય છે, આ સંવેદનો ઊભા કરવાએ કોઈ સામાન્ય કલાકારનું કામ નથી, અને દેવ સાહેબ અને સૂચિત્રાએ દર્શકોને વિચારતા કરી મૂકયા હતા કે હવે શું થશે ? આવો અદભૂત અભિનય તેમણે આપેલ છે.રાજ પેહલા સૂચિત્રાના બદલે મધુબાલાને લઈ ફિલ્મ બનાવવાના હતા, પણ મધુબાલાની નાદુરસ્ત તબિયતના લીધે તેમણે સૂચિત્રાને પસંદ કરી, ફિલ્મના સેટ સમયે એક તબક્કે સૂચિત્રા અને રાજ કોર્ટ સુધી પહોચ્યા હતા. ફિલ્મના શૂટિંગમાં સૂચિત્રા તેના પતિ દીવાનાથ સેન સાથે જ આવતી એક વાર તેઓ હોટેલમાં આરામમાં હતા અને પાર્ટીના શોરબકોરથી તે નારાજ થઈ અને ફિલ્મ ના કરવાનો નિર્ણય કર્યો, અને સૂચિત્રા અને રાજ તે બાબતે કોર્ટ સુધી ગયા, જેમાં કોર્ટના આદેશથી સૂચિત્રાને ફિલ્મ પૂરી કરવી પડી. સૂચિત્રાએ હિન્દીમાં માત્ર પાંચ ફિલ્મો જ કરી હતી. તેની અને દેવની બીજી એક ફિલ્મ પણ ૧૯૬૦ માં બની જેની વાત આગળ કરીશું.

બમબઈ કા બાબુ ફિલ્મ તેની કથાના લીધે વધુ સફળ ના થઈ, દર્શકોએ દેવ અને સૂચિત્રાને અંતિમ દ્રશ્યોમાં ભાઈ બહેન બનતા પસંદ ના કર્યા, તો અમુક વિવેચકોએ ફિલ્મને તેની કહાનીને લઈ વખોડી કાઢી હતી, ફિલ્મમાં ભાઈ અને બહેન બનતા દેવ અને સૂચિત્રાને લઈ બનાવેલ રોમાંટિક ગીત દિવાના હુવા મસ્તાના હુવા દિલ સાંભળવું ગમે છે પણ ગીતના ચિત્રિકરણમાં દેવ અને સૂચિત્રાના હાવભાવ દર્શકોને પસંદ ના પડયા. આ ગીત મજરૂહ અને એસ ડીની જોડીનુંઈકો સાઉન્ડ સાથેનુંયાદગાર ગીત છે, તો મુકેશ જીના સ્વરમાં ચલ રી સજની અબ કયાં સોચે ..કજરાના બેહ જાયે રોતે રોતે... જે સૂચિત્રા દેવ સામે પ્રેમનો એકરાર કરે છે, પણ દેવ તેને બહેન બનાવી લગ્ન કરી દે છે ની વેદના રજૂ કરે છે, ફિલ્મના અન્ય ગીતમાં રફી સાહેબના સ્વરમાં સાથીના કોઈ મંઝિલ ચલા મુજે લે કે એ દિલ અકેલા કહા.અને બંબઈ સે આયા હે બાબુ સલોના આજેપણ યાદગાર ગીતો પૈકીના એક છે, આ ફિલ્મની કથા વાચવાથી ફિલ્મની અનુભૂતિ નહી થાય, પણ યુ ટ્યૂબ પર આ ફિલ્મ એકવાર જુઓ અને ફરી ફરી જુવાની ઈચ્છા થાય તેની ખાત્રી સાથે આગામી અંકમાં દેવ સાહેબની ફિલ્મો સાથે મળીશું આભાર .હિતેશ જોશી

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)–ભાગ–૪૭

## કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા–જાડાપણૂં (OBESITY)–ભાગ-૧૦





ડો. ભાવેશ કે. મહેતા
અમરેલી

દરેક વ્યક્તિએ સમતોલ,સાદો અને વૈવિધ્યસભર આહાર લેવો જોઇએ જેથી તેનું આદર્શ વજન, આદર્શ લોહીનું દબાણ અને આદર્શ લિપિડ પ્રોફાઇલ જળવાઇ રહે . મનુષ્યે એટલી જ કેલરી લેવી જેટલી તે રોજિંદા જીવનમાં વાપરતો હોય , ઉંમર, પ્રવ્રુતિ અને રોગની હાજરી જેવા પરિબળ ોથી આ નક્કી થાય છે. પુખ્ત ઉંમરના, પ્રમાણમાં બેઠાડું જીવન જીવતા માણસ માટે ૧૫૦૦ – ૧૮૦૦ કેલરી પ્રતિ દિનની જરૂરિયાત રહે છે. આમાંથી ૫૦–૫૫ % કેલરી કાર્બોહાઇડ્રેટસમાંથી, ૨૦ – ૩૦ % કેલરી ચરબીજન્ય પદાર્થોમાંથી અને આશરે ૨૦ – ૩૦ % કેલરી પ્રોટીનમાંથી લેવી જોઇએ. આ ઉપરાંત પુરતા પ્રમાણમાં વિટામિન અને મિનરલ્સ લેવા જોઇએ. રોજ ઓછામાં ઓછા ૩૦ – ૪૦ ગ્રામ રેસા / ફાઇબર લેવા જોઇએ.

આપણા આહારમાં બહુ થોડા પ્રમાણમાં વપરાતી અનેક અન્ય વસ્તુઓ સ્વાસ્થ્ય માટે ખુબ જરૂરી છે : આદું, લસણ, ડુંગળી, મેથી, મરચા, કોથમીર, મસાલા, રાઇ, હળદર, ધાણાજીરૂ વગેરે, આ પદાર્થોનો યોગ્ય ઉપયોગ કરવાથી શરીરને ખુબ ફાયદા થાય છે.

એકસામટું પેટ ભરીને જમવા કરતાં દિવસમાં ૫–૬ વખત થોડું થોડું જમવું વધારે યોગ્ય છે. સવારમાં સારો નાસ્તો કરવો ખુબ જરૂરી છે. નાસ્તાને રાજા સમાન,



લંચને સામાન્ય માનવી સમાન અને ડીનરને રંક સમાન સેવવાથી સ્વાસ્થ્ય સારૂ રહે છે. વ્યક્તિએ પોતાની કુલ જરૂરતમાંની ૮૦ % કેલરી સુર્યોદયથી સુર્યાસ્ત વચ્ચે લેવી જોઇએ. રાત્રિનું ભારે ભોજન સ્વાસ્થ્યનું ભારે નુકશાન કરે છે. અઠવાડીયામાં ૨ થી ૩ વખત વ્યક્તિ પોતાને ગમતી મીઠાઈ કે ફરસાણ યોગ્ય પ્રમાણમાં (૫૦ થી ૭૫ગ્રામ ) લઇ શકે છે. શકય હોય તો આ 'ફેવરિટ ડિશ સવારમાં જ લઇ લેવી.

આપણા આરોગ્ય શાસ્ત્રમાં સમયાંતરે ઉપવાસ અને મિતાહારનો ખુબ મહિમા દર્શાવેલો છે. અઠવાડીયે કે અમુક તહેવારોમાં કરાતા ઉપવાસ દરમિયાન શરીર અને મન પ્રફુલ્લિત બને છે. સતત કામની વચ્ચે તેનાથી પ્રણાલીને આરામ મળે છે. એટલું જ નહી, વ્યક્તિનો આત્મ સંયમ અને તેથી આત્મવિશ્વાસ વધે છે. આપણે ત્યા લોકોએ ઉપવાસને એક નાટક બનાવી દીધો છે. અસંખ્ય જાતના ભારે કેલરીવાળા તામસી પદાર્થો ખાઇને કરાતા ઉપવાસ વ્યક્તિના તન અને મનને નુકશાન પહોચાડે છે.

અન્નમ બ્રહ્મ ! જે કોઇ ભોજન લઇએ તે શાંતિથી, પૂરા સંતોષ સાથે આનંદથી લઇએ. એટલું જ નહીં, ઈશ્વર પ્રત્યે પ્રાથના ભાવ સાથે ભોજન ગ્રહણ કરીએ. અન્નના સ્વરૂપે ઈશ્વર મારૂં પોષણ કરી રહ્યો છે, મનેશક્તિ આપી રહ્યો છે, એવા દિવ્ય ભાવથી ભોજન ગ્રહણ કરીએ.

**બેઠાડું વ્યક્તિ માટે ખોરાક (આશરે ૧૨૦૦ થી ૧૫૦૦ કેલરી રોજ)**


' સવારે નાસ્તો : ઘરનો બાનવેલો એક ખાખરો અથવા એક નાની જાડા લોટ ની ઓછા મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા ' બપોરે જમવામાં : ૨ ફુલકા રોટલી , ૧ વાટકી દાળ, ૨ ચમચા ભાત,૧ વાટકી ફણગાવેલાકઠોળ, ૧ વાટકી ગીન સલાડ ,૧ વાટકી છાશ

' બપોરે : એક કપ ચા, ઋતુ મુજબ ના ફ્રુટ

' સાંજે જમવામા : ૨ ફુલકા રોટલી અથવા એક ભાખરી અથવા અડધો બાજરીનો રોટલો, ૧ વાટકી શાક, ૧ વાટકી ગાયનું દુધ

**સામાન્ય કામ કરતી વ્યકિ માટે ખોરાક (આશરે ૧૭૦૦ થી ૨૦૦૦ કેલરીરોજ)**

'સવારે નાસ્તો : ઘરનો બાનવેલા ૨ ખાખરા અથવા એક નાની જાડા લોટ ની ઓછા




મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા' બપોરે જમવામાં : ૩ ફુલકા રોટલી , ૧ વાટકી દાળ, ૨ ચમચા ભાત,૧ વાટકી ફણગાવેલા કઠોળ, ૧ વાટકી ગીન સલાડ,૧ વાટકી છાશ' બપોરે : એક કપ ચા, ઋતુ મુજબ ના ફ્રુટ સાંજે જમવામા: ૩ ફુલકા રોટલી અથવા એક ભાખરી અથવા અડધો બાજરીનો રોટલો, ૧ વાટકી શાક , ૧ વાટકી ગાયનું દુધ

**સખત પરિશ્રમ કરતી વ્યકિ માટે ખોરાક(આશરે ૨૫૦૦ કેલરી રોજ)**

સવારે નાસ્તો : ઘરનો બાનવેલા ત્રણ ખાખરા અથવા બે નાની જાડા લોટ ની ઓછા મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા ' બપોરે જમવામાં : ૪ ફુલકા રોટલી, ૨ વાટકી દાળ, ૩ ચમચા ભાત, ૧ વાટકી ફણગાવેલા કઠોળ, ૧ વાટકી ગીન સલાડ, ૧ વાટકી છાશ

'બપોરે : એક કપ ચા, ઋતુ મુજબ ના ફ્રુટ સાંજે જમવામા : ૪ ફુલકા રોટલી અથવા ૨ ભાખરી અથવા ૧ બાજરીનો રોટલો, ૧ વાટકી શાક, ૧ વાટકી ગાયનું દુધ આપણે ખોરાકમાં ખાંડ, મીઠું, તેલ અને મરચું આપણી દૈનીક જરૂરીયાતથી વધારે જ ખાઇએ છીએ પરીણામે ડાયાબીટીસ, હાઇપરટેન્શન, ઓબેસીટી, કોલેસ્ટેરોલ, પાચન તંત્ર ના રોગો અને ચામડીના રોગો ખુબ જોવા મળે છે આ રોગોથી બચવા એક અનુભુત પ્રયોગ બતાવુ છુ જેનો નિયમીત ઉપયોગ કરવાથી આ બધા જ રોગો થી બચી શકાય છે.આ પ્રયોગ કરવાથી મહીને એવરેજ બે થી અઢી કીલો જેટલું વજન પણ ઉતરશે.

જો આપ સંપુર્ણપણે સ્વસ્થ હો તો અઠવાડીયામાં એક દીવસ અને જો આપને ઉપરોક્ત કોઇરોગ હોય તો બે દીવસ સંપુર્ણપણે મીઠું, ખાંડ, તેલ અને મરચા વગરનો ખોરાક લો. આ માટે શુક્રવારે રાત્રે સ્વાદીષ્ઠ વિરેચન,પંચસકાર ચુર્ણ કે એરંડ ભ્રષ્ટ હરડે ચુર્ણ માંથી કોઈપણ એક ચુર્ણ દોઢ ચમચી સુતી વખતે નવશેકા પાણી સાથે લો, બીજે દીવસે એકદમ ખુલાસા થી પેટ સાફ આવશે. બીજા દીવસે શનીવારે તમારે ખાંડ, મીઠું,તેલ અને મરચા વગરનું આખો દિવસ જમવામાં લેવાનું છે જે નીચે મુજબ લો આ મુજબ લેવાથી તમારા શરીરમાં ખોરાકનું બેલેન્સ થશે. ' સવારે નાસ્તામાં તમે ચા પીતા હો તો મસાલા વાળી (તુલસી, ફોદીનો, આદુ) એક કપ મોળી ચા, સાથે ગરમ ૨ રોટલી લેવી ' ૧૦ વાગ્યે એક ગ્લાસ પાણી માં એક લીંબુ નિચોવી પીવું, તેમા ફોદીનો અને આદુ પણ ઉમેરી શકાય ' બપોરે જમવમાં ૨ ગરમ રોટલી સાથે ફણગાવેલા મગ+ચણા જેમાં દાડમ અને સફરજન ના પીસ ઉમેરવા, સાથે એક ડીસ ગીન સલાડ જેમાં ગાજર અને બીટ લેવા, સાથે સવારે તાજુ મેળવેલુ દહીં એક વાટકો અથવા છાશ લઈ શકાય .

' બપોરે ૪વાગ્યે સીઝનલ ફ્રુટ એક ડીશ લેવું, ડ્રાયફ્રુટ પણ ૫૦ ગ્રામ લઈ શકાય.

'સાંજે ૭:૩૦ સુધીમાં જમી લેવું જેમા ૨ રોટલી અને એક વાટકી દુધ અથવા મોળી છાશ લેવા

| રોજ કેટલી કેલરી ખોરાક લેવો જોઈએ | | | |
|---|---|---|---|
| બાંધો | બેઠાડુ વ્યક્તિ | સામાન્ય શ્રમ કરતી વ્યક્તિ | અતિશય શ્રમ કરતી વ્યક્તિ |
| સ્થુળ | ૨૦–૨૫ કેલરી ડઆદર્શ વજન | ૩૦ કેલરી ડઆદર્શ વજન | ૩૫ કેલરી ડઆદર્શ વજન |
| મધ્યમ | ૩૦ કેલરી ડ આદર્શ વજન | ૩૫ કેલરી ડઆદર્શ વજન | ૪૦ કેલરી ડઆદર્શ વજન |
| પાતળો | ૨૦–૨૫ કેલરી ડઆદર્શ વજન | ૪૦ કેલરી ડઆદર્શ વજન | ૪૫ કેલરી ડઆદર્શ વજ |

# સરસિયા હાઇસ્કૂલમાં પૂજય ભક્તિરામ બાપુની પધરામણી થઈ હતી

શ્રીમતી આર.બી. એમ. હાઈસ્કૂલ સરસિયામાં તા.૨૩/૨/૨૩ ના રોજ સાવરકુંડલા માનવ મંદિરેથી પૂજય ભક્તિરામ બાપુ પધાર્યા હતા. વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે સંવાદ કર્યો હતો. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને આશીર્વાદ આપ્યા હતા. વિદ્યાર્થીઓને પરીક્ષા માટે આશીર્વાદ સહ શુભ કામના પણ પાઠવી હતી. બાપુ સાથે અંગત લાગણીથી જોડાયેલાં શાળાના પ્રિન્સીપાલ મયૂર દવેને લેખક તરીકે લખતા રહેવાના આશીર્વાદ આપ્યા હતા. સાથે સિટી સંદેશ ન્યુઝના હોનહાર પત્રકાર માલિક પણ હતા. બાપુએ શાળામાં આવી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. બાપુની પધરામણી થતા શાળા પરિવારે ધન્યતાની લાગણી અનુભવી હતી. શાળા દર્શન કરી બાપુએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. નીકળતા હતા ત્યારે હસતા હસતાં કહ્યું કે હું પણ નિશાળ ખોલીને બેઠો છું. જે આજે એક ભાઈને જવાબદારી દઈને નીકળ્યો છું. રેઢી મૂકીને આવ્યો છું. ચાલો હવે નીકળીએ મારા વિદ્યાર્થીઓને સાચવવા અઘરા છે. તેમને સાજા કરી સમાજમાં ભેળવવાની ડિગ્રી અમે માનવમંદિર સાવરકુંડલા દ્વારા આપીએ છીએ. પણ અમારૂ અને આ પ્રભુ પ્યારા બાળકોનું જોડાણ ઈશ્વર યુનિવર્સિટી સાથે છે. રાઘવેન્દ્ર સરકાર સાથે છે.



પ્રિન્સીપાલ–ડો.મયૂર દવે
ધારી

# વીજ જેવી શકયતાને શું કરીએ ? દોર પ્રોવાતો (પરોવાતો) નથી ઝબકાર નીચે-વજેસિંહ પારગી

આપણું પ્રસિધ્ધ ભજન ''વીજળીને ચમકાર મોતીડા પરોવોરે પાનબાઈ..અચાનક અંધારા ધારો રે'' અનેક ગાઢ અને ગૂઢ જીવન રહસ્યોને સાવ સહજતાથી સરળતાથી અને સાદગીથી સમજાવે છે ઉજાગર કરે છે ! ભગવાને માણસ તરીકે જન્મ આપીને અનેક અપાર શકયતાઓને સિધ્ધ કરવાની સાકાર કરવાની આપણને તક આપી છે. વળી આ જીવન ક્ષણભંગુર અને નાશવંત છે ત્યારે મળેલી આ તકનો પોતાનાં અને અન્યનાં ભલા માટે જ ઉપયોગી કરી લેવામાં જ માનવજાત અને માનવજીવનની મહતા સમાયેલી છે. પ્રભુ તો અનેક તકો સંકેતો અને ચમકારાઓ આપતાં જ રહે છે. પરંતુ તેને પારખી લઈને પામી લઈને જે આ મોતીડું પરોવી લેવાની જીવનનાં સાચો ઉપયોગ કરી વાત છે, તે માટે જરૂર હોય છે યોગ્ય પાત્રતાની યોગ્ય દ્રષ્ટિકોણની અને યોગ્ય ભાવની ! પૂ.મોરારીબાપુ જેવાં સમર્થ લોકશિક્ષક અને કથાકાર જો મંચ ઉપરથી એમ કહેતાં હોય કે : ''હું જાણતો નથી હું તો ફકત માણતલ છું દરેક વાતને પ્રસંગને માણું છું અને તેનો આનંદ લઉ છું'' તેમાંથી સમાધાનો શોધું છું તો વિચારો કે આપણી ક્ષમતા કેટલી?

પદમ શાહબુદીનભાઈ રાઠોડ આ જ વાતને જરા જુદા એંગલથી કહે છે કેઃ માણસ જીવનપ્રવાહમાં પોતે વહી જવાનું પણ કાંઠે બેસીને આ પ્રવાહને માણવાનો છે મૂલવવાનો છે. તો જ તમે નિશ્ચિત તારણો અને સમાધાનો શોધી શકશો.




યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

સમાજમાં આજે કેટકેટલાં કાવા–દાવા ષડયંત્રો તરકટો, અનિષ્ટો, અત્યાચારો અને અરાજકતા આ બધું છે જ ! છતાં આ બધું રોજ રોજ જોવા, સાંભળ વા, અનુભવવા છતાં માણસ અંતે તો સંવેદન શૂન્ય જ બનીને રહે જ છે ને ? અનેક માધ્યમાંથી આપણે દરરોજ સમાજમાં ફેલાતી બદીઓને નીહાળીએ છીએ. છતાં એવરેજ માણસની અંદર કયાં કાંઈ ચચરાટ કે ખચકાટ થાય કે આનુભવાય છે? એવૂં કેમ ? એનો જવાબ એ જ છે કે માણસ સ્વાર્થી બની ગયા છે. તેને માત્રને માત્ર પોતાનો વિચાર કરવો છે. જગતની સમસ્યાઓ સાથે તેને જાણે કે કાંઈ લેવા દેવા નથી. કૂદરત પણ તેને અવારનવાર ચેતવે છે છતાં તેઓ જબકારાને પારખી કે પામી શકતો નથી. અથવા તો તેને પામવાની તેની તૈયારી કે તત્પરતા જ નથી. સરવાળે આ નીંભરણું ઘણું મોઘું પડશે ઘાતક નીવડશે.


તીખારોઃ
''જન્માંથી હું એની અંદર જડકાયા છું.
ઈરાછાઓના ભારામાંથી નીકળ વું છે.'' હરજીવન દાફડા

# રામ પ્રણામ કીન્હ સબકાહુ, મુદિત દેવ લહિ લોચનલાહ ।

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)


એ વિશ્વાસુના વિશ્વાસુ (૨)
મારા કોણ સૂકાવે આંસુ, ઓ વિશ્વાસુના
નયનકાળથી ધારા વહેતી, હદય કમળ છે પ્યાસુ ઓ વિશ્વાસુના (૧)
એ પૃથ્વી પાલક ! બાલક તારો હાલક ડોલક થાયે
અંતરથી અંતરયામીથી, અંતર કેમ રખાયે
આજ સુધી મેં કદમ ઉઠાવ્યા (૨) હવે ન પાછો નાસું,
ઓ વિશ્વાસુના....(૨)
તનમાં મનમાં દેહ ભૂવનમાં, તારી છબી પધરાવું
શરણે રહેવું, ચરણે રહેવું, મરણે તારો થાવું
દીનદયાળુ ! દયા કરીને (૨) બગડયું સુધારો પાસુ
ઓ વિશ્વાસુના....(૩)
ભવનો રોગી, ભાવનો ભોગી, યોગી થઈને આવું હો
રામભકત હું તારા તેજે, જગમાં પ્રકાશ લાવું
પ્રભુ ! તુજ કાજે દિલ દરવાજો (૨) ખોલ્યો છે નહી વાસુ.
ઓ વિશ્વાસુના....(૪)

**રામ સનેહ મગન સબ જાને, કહિ પ્રિય બદન સકલ સનમાતે ।**
**(૬૨)**
**હરખિ ગહે પદ કૃપા ધામકે**

આ પ્રસંગ બાદ લગભગ પંદર દિવસ પછી ઘરમાં એવા સંજોગો બન્યા કે અતિશય હિમત હારી જતા. રાત્રે બધા સૂઈ જાય ત્યારે ઘર છોડી નીકળી જવાનો વિચાર કરી લીધો. સાંજથી ખૂબ રડતી હતી. જમી પણ નહોતી. ભગવાન ભારતમાં કયાં બિરાજે છે એ ખબર નહોતી. મારી પૂજામાં ભગવાન પાસે બેસી મનોમન તેમની રડાવવામાં જ આનંદ આવે છે ? શું જોયા કરો છો ? શું તમે નથી જાણતા ? બધુ જાણવા છતાં આંખ, કાન બંધ કરીને બેઠા છો તમને અંતર્યામી કોણ કહે ? ખરેખર તમે અંતર્યામી હોય ત્યાંથી આવો તો હું માનું. મીરા, દ્રોપદીના જીવન યાદ આવ્યા કે તેમની પાસે ખરી જરૂર વખતે પહોચી ગયેલાં તેમ આજે શું તમને ખરી જરૂર નથી જણાતી ?

ઘરમાં રોજ રાત્રે આઠ વાગે બધા સાથે બેસી ભગવાનની આરતી સ્તુતિ કરતા. ઘરનું વાતાવરણ ઉદાસ હતું. બાપુજી ઉપર અગાસીના રૂમમાં મને આરતી માટે બોલાવવા આવ્યા.નીચે ગઈ ત્યારે રેડીયો પર આઠથી સવા આઠના સમાચાર ચાલુ હતા. લડાઈ વિશેના હોવાથી બધા એકાગ્રતાથી સાંભળતા હતા. તે વખતે અંધારપટ (બ્લેક આઉટ) ચાલતું હતું. તેથી નીચે સીડીનો દરવાજો જલ્દી બંધ કરી દેતા. આરતીની રાહ જોઈ બેઠી હતી. તેટલામાં નીચે દરવાજો ખખડાવવાનો અવાજ આવ્યો. ક્ષણવાર બધાને થયું, આપણી લાઈટનો પ્રકાશ બહાર જતો હશે તેથી હોમગાર્ડ આવ્યો હશે પરંતુ એકદમ મારા મોઢામાંથી નીકળી ગયું, "બાપુજી ભગવાન પધાર્યા." પ્રમોદ દરવાજો ખોલવા જતો હતો એટલામાં ભગવાને બૂમ પાડી, "રમા ખોલો" પ્રમોદે નીચે જઈ જોયું તો ભગવાન એકલા. સાથે એક નાનો થેલો, બિસ્તર અને પાણીનો જગ હતા. ભગવાને રીક્ષાવાળાને આઠ આના આપી દેવા કહ્યું. ઉપર પધારતાની સાથે હું બધું દુઃખ ભૂલી ગઈ.

રામહિ કેવલ પ્રેમ પિયારા, જાની લેહુ જો જાનનિહારા।

અબ મૈં કુશલ મિટે ભય ભારે, દેખી રામ પદ કમલ તુમ્હારે

સેવક કારજ સારવા આવ્યો દેવાધિદેવજી, ભકત વત્સલ ભગવાન છેરે....

" અરે કિતની દૂસરે તુમારે લિયે ભાગકર આયા હું." જાણે કે દીક્ષા વખતે કહેલું, "અભી નહીં, જબ તુમ બુલાઓગી તબ આ જાઉગા." તે પ્રમાણે આવી ગયા. બાથરૂમમાં હાથ પગ ધોતી વખતે મને કહ્યું, "મૈને ધીરુકે લિયે રાજકોટમેં એક લડકી દેખી હૈ, શાયદ તુમ ભી ઉસે જાનતી હો. મેં કહ્યું, "કૌન ?" તો કહ્યું, " ભીમજીભાઈ રાજદેવકી લડકી હૈ." હાથ પગ ધોઈ કહ્યું,"ચલો મૈં ઉપરકે કમરેમેંરહૂંગા." ભગવાનૈપર પધાર્યા. ભગવાન માટે તૈયારી હતી નહી. જલ્દી જલ્દી નાનાભાઈ જંયતીનું એન.સી.સી.નું કમ્બલ હતુ એ બાપુજીએ પાથરી દીધું હું બીજુ સીરૂ કમ્બલ હતુ એ લઈ ગયેલી તે મેં પાથર્યુ તો કહ્યું, "અરે નહીં મૈ તો ઈસી પર બેઠુંગા." મેંકહ્યું "ભગવાન ચુભનેવાલા હૈ." તો કહે, "ચૂભનેવાલા હૈ પર પ્રેમ તો હૈના ?" છેવટે તેના પર જ બિરાજયા. "સબસે ઉંચી પ્રેમ સગાઈ...." પછી તો ભગવાન માટે પાટ પર પથારી તૈયાર કરી. ભોજન માટે પ્રછતાં કહ્યું, "સીફ રાબ પીઉંગા." નીચે જઈ રાબ બનાવી લાવી. મને કહ્યું, "પહલે તુમ ભોજન કરો. બાદમેં મૈં રાબ પીઉગા." હજુ તો કાંઈ જ વાત કરી નહોતી. મેં ઘણું કહ્યું , "રાબ ઠંડી હો જાયેલી પહલ આપ રાબ પીલો. બાદમેં મૈં પ્રસાદ લૂંગી." પણ માન્યા નહી અને પોતે લાવેલા થેલામાંથી પૂરી કાઢીને મને જમાડી પછી જ રાબ પીધી. પછી કહ્યું, "અભિ મૈં થક ગયા હૂં, સો જાતા હૂં . સુબહ બાત કરુંગા. રમા, છાતિમેં દર્દ હો રહા હૈ તુમ ગરમ પાનીકી થૈલી તૈયાર કર દો. સુબહ આઠ નવ બજે મુઝે બિકાનેરકી તરફ જાના હૈ. બિકાનેરકી બસમેં બિઠા દેના." બાપુજીએ કહ્યું, " ભગવાન સાથમેં કોઈ નહીં હૈ તો રમાકો સાથમેં સેવાકે લિયે લે જાઈયે." તો કહ્યું, "અભિ નહીં આઠ દિન બાદ બુલાઉંગા."

સવારે જલ્દી ભગવાન માટે ઉકાળેલું પીવાનું પાણી તેમ



જ રસોઈ ની તૈયારી કરી. લગભગ છ વાગે ઉઠી સ્નાનાદિથી પરવારી ભગવાન રસોડામાં આવ્યા. મને કહે, "તુમ રોટી બનાવ ઈતનેમેં મૈં કાન્તાસે બાત કર લેતા હૂં." બહેને પોતાના સુખ દુઃખ જણાવતાં ભગવાન થોડી વાતો કરી. બધું સાભળ્યા બાદ ભોજન માટે પધાર્યા.આ મહું સનેહ સંકોચવશ, સનમુખ કહેઉ ન બેન. દરશન તૃપ્તિ ન આજ લગિ, પ્રેમ પિયાસે નૈન. કારૂણિક બિનુ કારણુ, હરિ જાનત જન કી પીર.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

" IF you think you are better,you are Is the man who thinks he can"

જીવન પ્રભુની બક્ષિસ છે. મૃત્યુ, પ્રેમ, આપણને મળેલી બક્ષિસ છે. આ ભેટ બંધ કવરમાં છે. તમે જેટલું સારું સારું વિચારશો. એટલું સારું થવાનું છે. રોગ હોય તો મટી જશે. દુઃખ હશે તો ચાલ્યું જશે. સુખદુઃખનું ચક્ર ફરે છે. આ બધું ચાલ્યું જશે.

મૃત્યુની વાત પણ ખૂબ સુંદર રીતે કરવી છે. મૃત્યુને શણગારવું છે. શાતિમય, સ્વસ્થ, અંતહીન મધુર પ્રેમ ભગવાનનો પ્રભુની પાસે જવું છે. જીવનનું સત્ય મૃત્યુ એક જાણીતો પ્રસંગ ભગવાન બુધ્ધ પાસે એક સ્ત્રી રડતી રડતી ગઈ. હાથમાં મૃત્યુ પામેલ બાળક હતું કહયું તારા ગામમાં જઈ કોઈ એક ઘરેથી ચપટી મીઠું લાવી દે જે ઘરે કદી કયારેય કોઈ પણ વ્યકતી મૃત્યુને શરણ ન થયું હોય સ્ત્રી સમજી ગઈ. ઘર એવું નથી કે જયાં મૃત્યુ મરણ થયું ન હોય. ઘણા તર્ક કરશે. કે આ સ્ત્રી તો નાના બાળકને લઈને ગઈ હતી. પણ આપણે તાત્પર્ય સમજવું.

આપણે પ્રવાસમાં જવાના હોઈએ તો તૈયારી કરીએ છીએ. ટિકીટ હોટલનું બુકીંગ અનેક સ્થળોની માહિતી એક સામાન્ય યાત્રા માટે આટલી બધી તૈયારી ઘણાને એમ થશે કે જીવન વિશે શું તૈયારી કરવાની? એમાં તો અજાણ રહેવામાં જ મજા છે.

જે બાબતનું રીન હોય તેમાં તે જાણવાથી ભય ઓછો થાય છે. મૃત્યુ પછી શું થાય છે? ખબર છે! રહસ્ય અદભુત...!

પરંતુ આપણને ખબર પડે કે મૃત્યુ એ અંત નથી પરંતુ બીજા પ્રવાસની શરુઆત છે. આ સત્યનો સ્વીકાર કરવાથી મરણનો ભય ઓછો થાય છે.

આપણે એક માત્ર હેતુ ભય ઓછો થાય છે. ગીતામાં આત્મા વિશે જ્ઞાનની




ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


વાતો (અ–૨–૩) ના શ્લોક માં કહયું છે. શરીર જીર્ણ થતા નવું શરીર તેના કર્મ પ્રમાણે નવો દેહ ધારણ કરે છે. આવું વાંચન માણસનો સજજન થવા પ્રેરીત કરે છે. સારા કર્મ કરે છે.

૨ આ સંદેશ પ્રમાણે બધાં માણસો સદમાર્ગે વળે તો સશકરની જરૂર ન પડે ન કાયદાની દુનિયામાં કદી કયારેય યુધ્ધ ન થાય.

દરેક વ્યકિતએ ગીતાના સંદેશને સમજવા પોતાનો બાળપણમાં ફોટા જોવાં જઈએ આ પ્રયોગ કરવા જેવો છે. બે વરસનો ફોટો, પાંચ વરસ, દસ વરસ, ત્રીસ, પચાસ, એંસી, નેવું વગેરે તમે તમારા ફોટામાં તમે જ છો. તમે તમારા શરીરને ચેહરાને બરાબર જુઓ તમારા વિચારો, તમારો આત્મા, તમારો સ્વભાવ, તમે જ છો પણ શરીર બદલાઈ ગયું છે.

હવે સપનાનો વિચાર કરો સ્વપ્ન અવસ્થામાં તમે પથારીમાં છો તેમ છતાં મુંબઈ, અમદાવાદ, પરદેશ ફરી આવ્યા છો. સવારે ઉઠીને કહેશો આજે મેં સપનામાં ફલાણા ભાઈ–બહેનને મળ્યો. તો તમે કોણ છો? તમારું શરીર કોણ છે?

આત્માની જાગૃતિ માટે આ બધા પ્રશ્નો વિશે વિચારશો તો ખ્યાલ આવશે કે આપણે (હું) અને શરીર અલગ–અલગ છીએ. સપનાની વાતો તુર્ત જ ભૂલી જઈશું અને વર્તમાન – ભૂતકાળ વગેરે વરસો પછીનું પણ બધું યાદ છે. આવું કેમ? આત્મા શરીર એ બન્ને અલગ છે. કોમ્પ્યુટર સોફટવેર મોનીટર વગેરે જેમ અલગ છે તેમ આપણે આપણા શરીરનાં દરેક ભાગનાં સંચાલક છીએ. આપણું મગજ, આપણું શરીર એક અદભુત વિસ્મયકારક મંત્ર છે. સાયન્સ પણ અદભુત શબ્દ કહી અચરજ અનુભને છે. જે વસ્તુ આપણે જોઈ શકતા નથી સાભળી શકતાં નથી તે વાતનો વિશ્વાસ કેમ આવે? આપણે સ્વાદ, સુગંધ, અવાજ, દષ્ટિ સ્પર્શ શકિત ધરાવીએ છીએ પરંતુ આપણા કરતા પ્રાણી, પક્ષીઓ, અન્ય જીવો આ કેટલા વિશેષ શકિતઓ ધરાવે છે પાંચ ઈન્દ્રીયોનું જ્ઞાન લિમીટેડ છે.

અગ્રેજીમાં એક પુસ્તક છે. આફટર વી ડાય વ્હોટ ધેન ? લે.જયોર્જ મી.કે સાયન્સ પ્રયોગ શાળામાં એક પ્રયોગ થયો હતો. સંપૂર્ણ બારી–બારણા બંધ કરી ફોટાઓ પાડયા ફિલ્મ ડેવલપ કરી. અનેક રંગના ફોટાઓ મળ્યા. જે નરી આંખે ન દેખાયુ તેવું પણ એક વિશ્વ છે. એ વિશ્વની પણ આપણા ઉપર અસર હોય છે. હવે સત્યની નજીક જઈએ તેમ તેમ આપણને ઈશ્વરની વિરાટ શકિતનો ખ્યાલ આવે છે. **(અપૂર્ણ) ધીરજકુમાર વ્યાસ.**

# સમગ્ર ભારતમાં મહતમ પ્રમાણમાં વરસાદ વષે તે માટે ચેરાપુંજી જેવું કુદરતી વાતાવરણનું સર્જન કરીએ : રાજેશ ભાતેલીયા

ભારતમાં સૌથી વધુ વરસાદ જયાં પડી રહયો છે તેમાં ચેરાપુંજી તથા મેઘાલયનું માસિનરામ જયાં સૌથી વધુ વરસાદ પડી રહયો છે. એક અહેવાલ મુજબ ચેરાપુંજીથી પણ ૧૦૦ મી.મી. વધુ વરસાદ માસિનરામમાં પડતો હોવાનું જાણવા મળ્યું છે. વરસાદને ખેંચી લાવવાનું કામ વૃક્ષો કરતા હોય છે. ચેરાપુંજી અને મેઘાલયનું માસિનરામમાં જે વાતાવરણ અને જે વૃક્ષો જોવા મળી રહયા છે તેવું વાતાવરણ અને તેવા વૃક્ષો ભારતમાં અન્યત્ર ઉગાડી અને જોવામાં આવે અને આ પ્રયોગ સફળ થાય તો ભારતમાં જયાં જયાં વરસાદનું પ્રમાણ ઓછું જોવા મળે છે ત્યાં ચેરાપુંજી અને માસિનરામ જેવું વાતાવરણ અને તેવા વૃક્ષો ઉગાડવા જોઈએ જેથી કરીને ભારતમાં પુરતા પ્રમાણમાં વરસાદ વરસતો રહે. ભુગર્ભજળના સ્તરમાં સતત વધારો કરવો ખૂબ જરૂરી છે. સમગ્ર વિશ્વમાં ભુગર્ભ જળસ્તરમાં ઘટાડો થઈ રહ્યો છે. જે ચિંતાજનક બાબત છે. વિશ્વના ૩૭ મુખ્ય જળસ્ત્રોતો પૈકી ૧૨ થી વધુના જળ સ્તરમાંચિંતાજનક ઘટાડો જોવા મળ્યો છે. આપણી સંસદીય સમિતિએ આ મામલે ચેતવણીનો સુર ઉચ્ચાર્યો છે. પૃથ્વીના ફકત ૨% પાણીનો આપવો ઉપયોગ કરીએ છીએ. આથી હવે સમય આવ્યો છે કે આ ચિંતામાંથી સમગ્ર દેશ અને દુનિયાએ મુક્ત થવું હશે તો વરસાદી પાણીના ટીપેટીપાનો સંગ્રહ નિયમીત રીતે થતો રહે અને વરસાદી પાણીનું ટીપેટીપું જમીનમાં ઉતારવામાં આવે તો આ સમસ્યામાંથી ધીમે ધીમે મુકત થઈ શકીએ તેમ છે. આ માટેના પ્રયાસો સરકારી અને ખાનગી કંપનીઓ, ખાનગી કારખાનાઓ અને આમજનતા સહુએ કરવા પડશે.નેશનલ યુથ પ્રોજેકટ – રાજકોટ યુનિટના પ્રમુખ – રાજેશ જે. ભાતેલીયાએ વધુમાં જણાવ્યું છે કે વરસાદી પાણી મહતમ પ્રમાણમાં જમીનમાં ઉતારવા માટે પરકોલેટીંગ વેલ બનાવવામાં આવે એટલે કે કાણાવાળા ઢ ાંકણા મુકી વરસાદી પાણી જમીનમાં ઉતારવામાં આવે જેમાં ઉંડો ખાડો કરી તેમાં નીચેના ભાગે મોટા પાણી જતું પથ્થરના લેયર અને ઉપરના ભાગમાં નાના પથ્થર અને તેના ઉપર કાંકરા પાથરી ચારણી જેવા વેલ બનાવવામાં આવે. આ નાના કાંકરાના કાણામાંથી જમીનમાં રહેશે તેમજ પ્રક્રિયામાંથી જતું રહે જેને કારણે ભુગર્ભ જળ ઉંચા આવે. તેની ઉપર કાણાવાળા ઢાંકણા મુકવામાં આવે આજુબાજુની જમીનથી આ કાણાવાળા ઢ ાંકણાનું લેવલ થોડું નીચું રાખવામાં આવે. તેમજ જેથી કરીને ભુગર્ભ જળ વરસાદી વાપરવા પાણી માટે સરળતાથી રજીસ્ટ્રેશન જમીનમાં કરાવવાની ગૃહવપરાશકારોને, નાના કારખાનેદારોને, સોસાયટીઓને મુકિત આપવામાં આવે અને જે મોટા કારખાના વરસાદી પાણીને જમીનમાં ઉતારતા હોય કે સંગ્રહ કરતા હોય તેને પણ ભુગર્ભ જળ વાપરવા માટે રજીસ્ટ્રેશન કરાવવામાંથી મુકિત આપવાની જરૂર છે. ઠેકઠેકાણે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી, રીચાર્જવેલ બનાવવામાં આવે તેમાં વોટર ફલો મીટર લગાવવામાં આવે જેથી કરીને કેટલું પાણી ભુગર્ભમાં ઉતરે છે તે જાણી શકાય. ભવિષ્યમાં પાણીના સંકટથી બચવા માટે રીચાર્જવેલની સાથે સાથે જુના બંધ થયેલા કુવાઓને ફરીથી જીવતા કરવા અને વરસાદી પાણીનો મહતમ પ્રમાણમાં સંગ્રહ થતો રહે તે ખૂબ જ જરૂરી છે. શકય હોય તો આધુનિક ટેકનોલોજીની મદદ લઈ મોટાભાગના ગામોમાં તથા શહેરી વિસ્તારોમાં જયાં મહતમ પ્રમાણમાં પાણી ભરાય રહેતું હોય ત્યાં આધુનિક ટેકનોલોજીની ઉતમ પ્રકારની મદદ લઈ રીચાર્જવેલ કરવી જોઈએ. જેથી કરીને વહી જતું વરસાદી પાણી ભુગર્ભમાં ઉતારી શકાય અને નવી બનતી બિલ્ડીંગોમાં પણ મોટી ટાંકીઓ વરસાદી પાણીના સંગ્રહ માટે બનાવવા તમામ રાજય સરકારો બિલ્ડરોને અપીલ કરે તે જરૂરી છે. તમામ મહાનગરપાલીકા વિસ્તારોમાં પણ મહાનગરપાલીકા વરસાદી પાણીનો મહતમ પ્રમાણમાં સંગ્રહ થાય અને મહતમ પ્રમાણમાં વરસાદી પાણી જમીનમાં ઉતરતું રહે તેવા પ્રયાસો કરવામાં આવે. ચોમાસામાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાય રહેતું હોય છે પરિણામે વાહન ચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે અને રોડ ઉપર પાણી ભરાય જવાના કારણે ડામર રોડનું આયુષ્ય ઓછું થતું હોય છે. વરસાદી પાણી જમીનમાં ઉતરતું ન હોય ઉનાળામાં ભારે તકલીફોનો સામનો શહેરીજનોને કરવો પડતો હોય છે.આથી જો વરસાદી પાણીને જમીનમાં મહતમ પ્રમાણમાં ઉતારવામાં આવે તો રોઠ ઉપર પાણી ભરાઈ જવાની સમસ્યા મહતમ પ્રમાણમાં હલ થશે તથા રોડનું આયુષ્ય વધશે અને પાણીના તળ ઉંચા આવતા શહેરીજનોને ઉનાળામાં પાણીની સમસ્યા નહિવત પ્રમાણમાં સતાવશે. તમામ કેન્દ્ર અને રાજય સરકારની તમામ સરકારી મિલ્કતોમાં જયાં જયાં જગ્યા ખાલી હોય ત્યાં ત્યાં પણ ૩૦૦ ફુટના અથવા યોગ્ય જણાય તે રીતે ઉંડા બોર કરી ઉપર અત્યંત મજબુત નાની મોટી જાળી મુકી દેવામાં આવે. જેથી કરીને ત્યાં વરસાદી પાણી જમીનમાં મહતમ પ્રમાણમાં ઉતરતું રહે. તમામ સરકારી મિલ્કતોમાં તથા મોટી બિલ્ડીંગોમાં, મોટી કંપનીઓમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવે તે માટે યોગ્ય પગલા લેવામાં આવે અને તેનો ચોમાસા બાદ નિયમીતપણે ઉપયોગ થતો રહે તે જોવામાં આવે. તેમજ ઉનાળાની શરૂઆતમાં જ વિશેષ અગ્નતાના ધોરણે તળાવો, ડેમો, કેનાલો, કુવામાંથી કાંપ કાઢવામાં આવે. જેથી કરીને વરસાદી પાણીનો ખૂબ જ પ્રમાણમાં સંગ્રહ થઈ શકે. તેમજ ખાનગી ક્ષેત્રની કંપનીઓ તથા ખાનગી શાળા – કોલેજો, યુનિવર્સિટીઓ, વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ કરતા થાય તથા વધુમાં વધુ વરસાદી પાણીને જમીનમાં ઉતારતા થાય તે માટે સરકાર દ્વારા, તેઓ માટે વિશેષ પ્રોત્સાહન યોજના બનાવી અમલીકરણ કરવામાં આવે અને નિઃસ્વાર્થ ભાવે આ ક્ષેત્રે કામ કરતા ભાઈ – બહેનો, એન.જી.ઓ.ને એવોર્ડ અને પુરસ્કાર આપવાની યોજના બનાવી, અમલીકરણ કરવામાં આવે. તેમજ બિલ્ડરો તેની તમામ સ્કીમોમાં પણ વરસાદી પાણી જમીનમાં ઉતરે અને વરસાદી પાણીનો મહતમ સંગ્રહ થાય તેવી સ્કીમો બનાવે. તે માટે સરકાર દ્વારા તેઓ માટે પણ પ્રોત્સાહન યોજના બનાવી, અમલીકરણ કરવામાં આવે. સમગ્ર દેશ અને દુનિયામાં જળ એ જ જીવનનો મંત્ર ગુંચતો થાય અને આપણે વરસાદી પાણીને વ્યર્થ જવા ન દઈએ અને ગામડામાં, શહેરોમાં તમામ સતત નાના મોટા બિલ્ડીંગોમાં વરસાદી પાણીનો મહતમ માત્રામાં સંગ્રહ થાય અને મહતમ માત્રામાં જમીનમાં વરસાદી પાણી જતું રહે તે માટે તનતોડ પ્રયત્નો કરવા પડશે. અતિ કડક કાયદા કરવાને બદલે જનજાગૃતિના માધ્યમથી વરસાદી પાણીને મહત્તમ માત્રામાં જમીનમાં ઉતારવા અને તેનો સંગ્રહ કરવા સતત અપીલ કરવામાં આવે અને ધોરણ–૭ થી લઈ કોલેજ તથા યુનિવર્સિટી કક્ષાએ વરસાદી પાણીના સંગ્રહ કરવાના અને જમીનમાં ઉતારવાથી થતાં ફાયદા અંગે એક પ્રકરણ ઉમેરવામાં આવે જેથી કરીને આવનારી પેઢી પણ આ અંગે સતત જાગૃત બની અને આ દિશામાં કામ કરતી રહે. જો વરસાદી પાણીનો સમગ્ર દેશ અને વિશ્વમાં મહત્તમ માત્રામાં સંગ્રહ કરવામાં આવે અને મહત્તમ માત્રામાં જમીનમાં ઉતારવામાં આવે તો ખેડુતોને, કારખાનાઓને અને આમજનતાને પર્યાપ્ત માત્રામાં આગળ જતાં પાણી મળી શકે જેથી કરીને ભુગર્ભજળ ના ઘટાડાની સમસ્યામાંથી મુક્ત થઈ શકાય અને આવનારી પેઢી પણ પાણીની સમસ્યાથી મુકત થઈ શકે. ભારતના દરેક રાજયો વરસાદી પાણીનો મહત્તમ માત્રામાં સંગ્રહ કરતા અને વરસાદી પાણીને મહત્તમ માત્રામાં જમીનમાં ઉતારતા થાય તે જરૂરી છે. સમગ્ર દેશમાં વરસાદી પાણી જમીનમાં ઉતારવાનું કામ કરતા અને જમીનમાં વરસાદી પાણીનો મહતમ માત્રામાં સંગ્રહ કરતા અને આ અંગે જનજાગૃતિનું કાર્ય કરતા વ્યકિત અને સંસ્થાઓને જિલ્લા સ્તરે, રાજય સ્તરે, અને રાષ્ટ્રિય સ્તરે રૂપિયા બે લાખનો પુરસ્કાર આપી, સન્યાનીતકરવાની નવી યોજના બનાવી અને દરવર્ષે જિલ્લા સ્તરે ૨૦, રાજય સ્તરે ૧૦૦ અને રાષ્ટ્રિય સ્તરે ૫૦ ભાઈ બહેનો અને સંસ્થાઓને એવોર્ડ અને પુરસ્કાર આપવામાં આવે આપણા દેશના પહાડી પ્રદેશોમાં પણ વરસાદી પાણીના સંગ્રહ માટે અને વરસાદી પાણી જમીનમાં ઉતારવા માટેની યોજના કેન્દ્ર સરકાર દ્વારા રાજયોનાં સહયોગથી ચલાવવામાં આવે અને જયાં વરસાદ વધુ પડે છે તેવા રાજયોમાં પણ વરસાદી પાણીના સંગ્રહ અને જમીનમાં ઉતારવા માટેના પ્રયાસો, યોજનાઓ દર વર્ષે અમલમાં મુકવામાં આવે. જેથી કરીને ખેડુતોને હાયદો થતો રહે, ઉનાળામાં પાણીની તકલીફ ન પડે, અને દેશને પાણીના તળ ઉંચા આવવાથી ખેડૂતો ત્રણેય સીઝનમાં પાક લઈ શકશે અને ખેતરમાં ઉપજ – નિપજ વધારે પ્રમાણમાં થઈ શકશે અને વિશ્વ ફલક પર આપણી ખેતપેદાશો જોવા મળશે. આ ક્ષેત્રે ઉતમ કામગીરી કરનાર સંસ્થા અને વ્યક્તિને તથા આ અંગે જનજાગૃતિનું કામ કરનાર ભાઈ – બહેનો અને સ્વૈચ્છિક સંસ્થાઓને જે – તે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર અને તમામ મહાનગરપાલીકા, નગરપાલીકા, જિલ્લા – તાલુકા – ગ્રામ પંચાયત વગેરે આકર્ષક પુરસ્કાર સાથે એવોર્ડ આપે તે માટે વિનંતી છે, સૂચન છે, સજેશન છે, ફરિયાદ નથી. કેન્દ્ર અને રાજય સરકાર વિવિધ ક્ષેત્રે ઉતમ કામગીરી કરી રહી છે તે માટે ખૂબ ખૂબ અભિનંદન. રાજેશ


સહસંયોજક
–મિડીયા–આઈ.ટી. (ગુજરાત પ્રાંત),
ભારત–તિબ્બત સંઘ,
૧૦૮–શિવધામ, વિમલનગર
મેઈન રોડ, રાજકોટ–૫


# 'શિક્ષણની વાત'

## અનુભૂતિનાં અક્ષરો




- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ


શિક્ષણ એટલે માત્ર એકેડેમિક અભ્યાસક્રમને લગતું અપાય છે એજ નહીં. પરંતુ આ શિક્ષણ તો આજીવન ચાલતી પ્રક્રિયા છે. દરેક માણસ આજીવન વિદ્યાર્થી છે. જે દરેક ક્ષણે કંઈક નવું શીખે છે. ત્યારે આ શિક્ષણ જીવનલક્ષી બને તે ખૂબ જરૂરી છે. આપણું શિક્ષણ માત્ર પરિણામલક્ષી રહે તે યોગ્ય નથી. બાળક જે કંઈ પણ શીખે અને સમજે તે જીવનના લક્ષમાં લઈને શીખે. નહીં કે માત્ર પરીક્ષા પાસ કરવાના હેતુથી અને આર્થિક ઉપાર્જન કરવાના હેતુથી જ શિક્ષણ મેળ વાય. શિક્ષણ માણસને કેળવે છે. શિક્ષણ આપણી જ્ઞાન અને વિચારોની ક્ષિતિજોને વિકસાવે છે. સાવ અણઘડ બાળકને સમજદાર વ્યકિત બનાવે છે . તો જે શિક્ષણ માત્ર પુસ્તકલક્ષી બની રહે તે યોગ્ય નથી. પરીક્ષામાં અવ્વલ નંબરે પાસ થતું બાળક ઘણી વખત જીવનના પ્રશ્નો સામે હારી થાકી જાય અને નિરાશામાં ગરકાવ થઈ જાય એ કેટલી હદે યોગ્ય છે? ત્યારે ખરેખર તો આ શિક્ષણ બાળકને જીવનલક્ષી પ્રશ્નો સામે ટકી રહેતા પણ શીખવે એવું હોવું જોઈએ. વળી આજકાલ બાળકોને કોમ્પિટિશનનો સમય છે. કોમ્પિટિશન વધી ગયું છે કહીને સતત એક ડરનો માહોલ ઊભો કરવામાં આવે છે. ખરેખર બાળ કને હરીફાઈના નામે આપણે એનું બાળપણ છીનવી તો નથી લેતા ને? એપણ જોવું રહ્યું. પરીક્ષાઓ સમયે માતાપિતાને કે પરિવારને અને શિક્ષકોને પણ એટલું જ કહી શકાય કે, કોઈપણ પરીક્ષા જિંદગીનું આખરી સ્ટેશન તો નથીજ. માટે બાળકો પર આપણી અપેક્ષાઓનો એટલો બોજો ન લાવીએ કે તે હળવાશથી ચાલવાનું ભૂલી જાય. અને કદાચ કલાસની પરીક્ષાના ગુણ ઓછા હશે તો ફરી પ્રયત્ન કરી વધારી શકાશે. પણ જીવનની પરીક્ષામાં પાસ થઈ શકે એવું તો એને શીખવું જ પડશે. કેમકે, નાપાસ થયા પછી પણ ફરી મહેનત કરી પાસ થઈ જ શકાય છે એટલી સમજણ એને આપવી પડશે.

# ચલાલા ખાતે છેલભાઈ વ્યાસને પૂ. મોરારિબાપુની નિશ્રામમાં કાનજી ભુટ્ટા બારોટ એવોર્ડ એનાયત



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ ખાતે શબ્દરથ કાનજીભાઈ બારોટની ૧૦૦મી જન્મ શતાબ્દી નિમિત્તે સંતશ્રી પૂ. મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં પૂ. રતિદાદાની પ્રેરણાથી પ્રો. છેલભાઈ વ્યાસ લોક સાહિત્ય મર્મી–શ્રેષ્ઠ શ્રોતા અમરેલીને કાનજી ભુટ્ટા બારોટ એવોર્ડ ૨૦૨૪થી સન્માનીત કરાયા હતા. એવોર્ડ કાર્યક્રમનો શુભ પ્રારંભ સંતોની ભાવવંદના તેમજ દીપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો. હરિબા મહિલા કોલેજની દીકરીઓએ સ્વાગત ગીત રજૂ કર્યુ હતું. પૂ. રતિદાદાએ ચલાલામાં રામકથા થાય તેવી પ્રાર્થના રેલ. પૂ. મોરારિબાપુએ મારા જેવું કંઈ કામકાજ હોય તો કહેજો હું દર વર્ષે આવીશ. ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ ચલાલામાં કાનજી ભુટ્ટા બારોટ સ્મૃતિ મંદિર બને તેના માટે રૂપિયા ૧૦ લાખની જાહેરાત કરેલ. આફ્રિકા (યુગાન્ડા) દેશના સનાતન ધર્મના ટ્રસ્ટી પરેશભાઈ મહેતાએ જણાવેલ પૂ. રતિદાદાના આશીર્વાદથી દર વર્ષે આવા સુંદર કાર્યો થાય. મનુભાઈ બારોટે જણાવેલ કે આ કાર્યક્રમથી ખૂબ જ રાજી થયો. આ કાર્યક્રમમાં યુ.કે., અમેરિકા, આફ્રિકા, ઈંગ્લેન્ડ તેમજ ગ્રામજનો તથા બહારગામથી પધારેલ વિશાળ સંખ્યામાં માનવ મહેરામણ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તેમજ શીતલબેન મહેતાએ કર્યુ હતું. ત્યારબાદ બધા માટે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં એક અને બગસરાનાં ત્રણ

બ્લેકમેલ કરવામાં આવતા યુવાને આપઘાત કરી લીધેલ હોય. આ કેસમાં તપાસના અંતે બગસરાના ત્રણ યુવક સહિત ચારની ધરપકડ કરવા કેરળ પોલીસ બગસરા પહોંચી હતી. મીનઅંગાડી પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી મેથ્યુ એમ્બેવેલીએ જણાવ્યું હતું કે આઈટી એકટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

કેરળના વાયનાડ જિલ્લાના મીનઅંગાડી પોલીસ સ્ટેશન દ્વારા જાણવા મળતી વિગતો અનુસાર અજયરાજ (ઉ.વ. ૪૪) નામના યુવકે લોન એપ્સના માધ્યમથી લોન લીધી હતી. જો કે આ લોન તે સમયસર ચૂકવી ન શકતા તેમને ધાકધમકી ભર્યા ફોન આવવા લાગ્યા હતા તેમજ તેમના ફોટાને મોર્ફ કરી અન્ય સંબંધીઓને મોકલવામાં આવતા હતા. જેથી આ બાબતે ભથારી વિસ્તારના અજયરાજ નામના યુવકે કંટાળી ગત ૧૫ સપ્ટેમ્બરનાં રોજ આપઘાત કરી લેતા વાયનાડ જિલ્લામાં ખળભળાટ મચી ગયો હતો. આ બાબતે મીનઅંગાડી પોલીસે તપાસ કરતા આ બાબતે આપઘાતના તાર બગસરામાં નીકળતા કેરળ પોલીસની એક ટીમ બગસરા ખાતે આવી પહોંચી હતી અને તપાસના અંતે બગસરામાંથી ત્રણ અને અમરેલીમાંથી એક શખ્સને ઉપાડી કેરળ ખાતે લઈ ગઈ હતી. બગસરાના ૩ વ્યકિતમાંથી એક આરોપી સગીર વયનો હોવાનું માલુમ પડયું છે. ત્રણેય આરોપીને સુલતાન બથેરી કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ ઘટનાની તપાસ બિનઅંગાડીના પોલીસ અધિકારી પી.જે. કોરિયાકોશ ચલાવી રહ્યા છે.

આરોપીના નામ સમીરભાઈ બશીરભાઈ ખેરાણી રહે. મેમણ કોલોની બટારવાડી અમરેલી, મોહમ્મદ કાદરભાઈ કાળવાતર રહે. ઘાંચીવાડ બગસરા, અલી અજીતભાઈ કાળવાતર રહે. ઘાંચીવાડ બગસરા અને કુંકાવાવ નાકા બગસરા પાસેથી એક સગીર વયના ઈસમની ધરપકડ કરવામાં આવી છે. આ બાબતે પરિવારજનો પણ અજાણ હોવાનું જાણવા મળ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી લોકસભા બેઠકમાં

પસંદગી મેળવશે તેના ભાગ્ય ખુલી જશે.

અમરેલી બેઠક ભાજપ માટે અતિસુરક્ષિત માનવામાં આવતી હોવાથી પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, ગોપાલભાઈ વસ્તરપરા, ઘનશ્યામ ડોબરીયા, મનિષ સંઘાણી, સુરેશ પાનસુરીયા, ડો. કાનબાર, જનક તળાવીયા સહિત અન્ય ૧૦ વ્યકિતઓ પણ સાંસદ બનવા ઈચ્છુક બન્યા છે.

લોકસભાની ચૂંટણી આગામી ૧૫ દિવસમાં જાહેર થવાની હોય અમરેલીનાં નામ ઉમેદવારનું નામ આગામી ૨૦થી ૨૫ દિવસમાં સત્તાવાર રીતે નામ જાહેર થવાની સંભાવનાં છે.

## પાના ૮ ઉપરનું ચાલું દામનગરમાં જાળવણીનાં અભાવે

થાય તે માટે વહીવટદાર કચેરી રૂા. ૨૬૦૯૭ માં ઈમારત બાંધી આપેલ. તેની ડાબી અને જમણી બાજુએ ગ્રામ પંચાયત અને પોલીસ સ્ટેશન માટે ઈમારતો છે તે હવે જાળવણીના અભાવે ખંઢેર હાલતમાં છે ને કિંમતી ચીજ–વસ્તુઓ ગાયબ થઈ રહી છે. બોલો છે ને અફલાતૂન વિકાસ, આ ઐતિહાસિક ઈમારતોનો..!! વહીવટદાર કચેરીની ઈમારત ઘણા વર્ષથી ના.કા.ઈ. મા.મ.પે. વી. નં. ૨ અમરેલી હસ્તકની હોય, આ ઈમારત જર્જરિત છે. અંદર કોઈએ પ્રવેશ કરવો નહિ અને બીજા બોર્ડમાં જોખમી હોય અંતર રાખવું. અરે ઈમારતો જર્જરીત અને જોખમી છે તો પછી ઉતારી લેવામાં કોઈ વાંધો નથી. જિલ્લા કલેકટર અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ લાઠી મામલતદારને સાથે રાખીને કોઈ ગંભીર અકસ્માત થાય તે પહેલાં તાત્કાલિક નિર્ણય લઈ યોગ્ય કાર્યવાહી કરે એવી જોરદાર માંગ થઈ રહી છે. જિલ્લા પંચાયતના પ્રમુખ, ધારાસભ્ય અને સાંસદ પણ રસ લઈ સાથે બેસીને જનતાના હિત અને સલામતી માટે યોગ્ય નિર્ણય કરે, સમય મર્યાદામાં.

## સાવરકુંડલાના પાંધી પરિવારમાં શુભ લગ્નોત્સવ

### ચિ. ડો. અમી સંગ ચિ. ચિંતન (Sof.eng.)

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલાના પીઢ પત્રકાર સ્વ. નંદલાલભાઈ પાંધીની પૌત્રી અને અ. સૌ. અર્ચણાબેન તથા દીપકભાઈ નંદલાલભાઈ પાંધીની લાડકવાઈ સુપુત્રી ચિ. ડો. અમીના શુભ લગ્ન રાજકોટ નિવાસી અ. સૌ. જાગૃતીબેન તથા સુરેન્દ્રભાઈ ભીખાલાલભાઈ માનસેતાના લાડકવાયા સુપુત્ર ચી. ચિંતન સાથે તારીખ ૨૬/૨/૨૦૨૪ ને સોમવારના રોજ સાવરકુંડલા લોહાણા મહાજન વાડી ખાતે સગા, સ્નેહીજનોની વિશાળ હાજરીમાં નિર્ધાયા છે. તારીખ ૨૫/૨ ના રવિવારના સાંજે ૪થી ૬ સાંજીના ગીત, ૬/૩૦ કલાકે મંડપ મુહૂર્ત અને રાત્રે ૯ કલાકે દાંડીયારાસના કાર્યક્રમો યોજાયા છે. જયારે સોમવારના રોજ લગ્ન સમારંભ યોજાશે. સમગ્ર પ્રસંગમાં પાંધી પરિવારના આમંત્રણને માન આપીને સંતો, મહંતો, રાજકીય, સામાજિક આગેવાનો હાજર રહી પ્રભુતામાં પગલા પાડતા નવદંપતીને શુભઆશીર્વાદ પાઠવશે.

## મંત્રીથી લઈને મીડિયામાં પત્ર પાઠવીને ગળકોટડીનાં મધ્યાહન ભોજન કેન્દ્રનાં સંચાલિકાએ કરેલ આક્ષેપો પરત ખેંચ્યા

### રૂપિયા ૨૫૦૦નો હપ્તો લેવાતો ન હોવાનું જણાવ્યું

અમરેલી, તા. ૨૪

બાબરાનાં ગળકોટડી ગામનાં મધ્યાહન ભોજન કેન્દ્રનાં સંચાલિકા હિનાબેન દવેએ તેમની પાસેથી દર મહિને રૂપિયા ૨૫૦૦નો હપ્તો લેવાની ફરિયાદ મંત્રી બાવળીયા, નાયબ દંડક કૌશિક વેકરિયા, નાયબ કલેકટર અને મીડિયા સમક્ષ પત્ર પાઠવીને કરી હતી. બાદમાં તેઓએ ખુલાશો કરતા જણાવેલ કે, હું દવે હિનાબેન એ. કેન્દ્ર નંબર–૨૨ ગળ કોટડી ગામે સંચાલક તરીકે ફરજ બજાવું છું. મેં તારીખ ૧૬/૦૨/૨૦૨૪ નાં રોજ મામલતદાર કચેરી તેમજ અમારા મધ્યાહન ભોજન તાલુકા મંડળ નાં પ્રમુખ વિરૂધ્ધ દર માસે ૨૫૦૦ રૂા.નો હપ્તો માંગવામાં આવે છે. તેવી રજૂઆત મે નાયબ કલેકટર તેમજ ધારાસભ્ય લાઠી–બાબરા મુખ્ય નાયબ દંડક કૌશીકભાઈ વેકરીયા તેમજ કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને પણ કરેલ છે. તે મારી શરતચૂકથી ભૂલ થયેલ છે. અને હવે પછી આ પ્રકારની ભૂલ કયારેય નહિ થાય તેની ખાત્રી આપું છું. તેથી મારી રજૂઆત મારા કરેલા આક્ષેપો પરત ખેંચું છું. મામલતદાર કચેરીમાં કયારેય આર્થિક અને રોકડ વ્યવહાર થતા નથી. તેની હોશ અને ભાનમાં લેખિત નિવેદન આપું છું.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં

ઘણા ઉચા હોય છે. માટે આ પ્રશ્નનો તાત્કાલીક નિકાલ આવે તેવી અમારી લાગણી અને માંગણી છે. રાજકમલ ચોકમાં પીકઅપ બસ સ્ટેન્ડ ફાળવા ઘણી રજુઆત રાજકમલ ચોક તથા ડિસ્ટ્રીકટ ચેમ્બર દ્વારા રજુઆત કરેલ છે તે પ્રશ્નોનો પણ કોઈ ઉકેલ આવેલ નથી. તો રાજકમલ ચોકમાં પીકઅપ સ્ટેન્ડ ફાળવવામાં આવે આ બંને પ્રશ્નોનો તાત્કાલીક ઉકેલ આવે એવી ડિસ્ટ્રીકટ ચેમ્બરની માંગણી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી હાલ રાજકોટ નરેન્દ્રભાઈ અંબાવીલાલ ત્રિવેદી (ઉ.વ. ૭૬) તે હેમલબેન ત્રિવેદીના પિતા, કલ્પેશકુમાર સી. દવેના સસરા, મહર્ષિના નાના, જયોતિબેનના પતિ, ચંદુભાઈ અને બટુકભાઈનાં નાનાભાઈ તથા પરેશભાઈ, ડો. પિયુષભાઈના કાકા તથા મૂળ શંકરભાઈ પ્રાગજીભાઈ ભટ્ટ–કાલાવડના જમાઈનું તા. ૨૩ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૬ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ ભકિત આશ્રમ એ.જી. ચોક, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

M.Sc.(Chemi.) Sem.-I – સંકુલ પરિણામ
૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ડિસ્ટીંક્શન
સૌ. યુનિ. ટોપટેનમાં – સંકુલની એક વિદ્યાર્થીની
* શૈક્ષણિક વર્ષ ૨૨–૨૩ M.Sc.(Chemi) Sem. - I – સૌરાષ્ટ્ર યુનિ. નું પરિણામ 94% જ્યારે સંકુલનું પરિણામ 100%
સૌ. યુનિ ટોપટેન (૩) જોષી દ્રષ્ટિ – 84.50%
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 089

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૫ | ૧૫૦૧ |
| ૨ | ઘઉં | ૩૫૫ | ૫૦૨ |
| ૩ | ચણા | ૯૫૫ | ૧૧૦૦ |
| ૪ | તુવેર | ૧૬૩૫ | ૧૬૩૫ |
| ૫ | ધાણા | ૧૦૩૬ | ૧૩૦૦ |
| ૬ | તલ | ૨૬૦૦ | ૨૬૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૬૦ | ૧૨૬૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૯૦૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૮૩૫ | ૪૧૧૦ |
| ૬ | બાજરો | ૩૩૩ | ૪૮૦ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૭૬૨ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૦૯ | ૬૬૭ |
| ૯ | ઘઉં લોકવન | ૪૧૩ | ૫૨૪ |
| ૧૦ | મકાઈ | ૩૬૨ | ૩૬૨ |
| ૧૧ | ચણા | ૮૯૦ | ૧૧૨૯ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૫૬ | ૧૫૦૦ |
| ૧૩ | તુવેર | ૧૦૨૦ | ૧૮૫૫ |
| ૧૪ | કપાસ | ૧૦૪૦ | ૧૫૨૯ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૦૯૮ |
| ૧૬ | જીરૂ | ૨૯૦૦ | ૫૮૦૦ |
| ૧૭ | રાયડો | ૮૩૫ | ૮૯૪ |
| ૧૮ | ધાણા | ૧૧૨૦ | ૧૯૩૦ |
| ૧૯ | ધાણી | ૧૨૫૦ | ૨૭૭૦ |
| ૨૦ | અજમા | ૧૫૦૦ | ૨૨૨૫ |
| ૨૧ | સોયાબીન | ૭૫૦ | ૮૨૬ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૦ | ૧૪૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૭૪ |
| ૨ | મગફળી | ૧૧૪૦ | ૧૨૬૦ |
| ૩ | ધાણા | ૧૧૪૦ | ૧૬૦૦ |
| ૪ | ઘઉં | ૪૫૫ | ૫૫૫ |
| ૫ | ચણા | ૧૦૮૯ | ૧૧૪૧ |
| ૬ | સોયાબીન | ૮૦૫ | ૮૨૫ |
| ૭ | જીરૂ | ૪૩૨૫ | ૫૮૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૬૦ | ૧૨૪૫ |
| ૨ | શીંગ મોટી | ૮૭૦ | ૧૩૦૭ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૯૦૦ |
| ૪ | જીરૂ | ૪૧૦૦ | ૫૪૦૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૫૫૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૮૫ |
| ૮ | બાજરો | ૫૦૭ | ૫૨૩ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૮૩૨ |
| ૧૦ | મકાઈ | ૫૯૨ | – |
| ૧૧ | મઠ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૫૦ | ૧૧૩૮ |
| ૧૩ | ચણા દેશી | ૧૨૦૦ | ૧૩૮૧ |
| ૧૪ | તુવેર | ૧૬૦૦ | ૧૯૫૦ |
| ૧૫ | ધાણા | ૧૨૫૧ | ૨૫૧૧ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |
| ૧૭ | રાજગરો | – | ૨૧૫૨ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૯૧ |
| ૨ | મગફળી | ૧૦૫૨ | ૧૧૬૧ |
| ૩ | ચણા | ૧૦૭૫ | ૧૧૧૯ |
| ૪ | જુવાર સફેદ | ૮૦૦ | ૮૫૦ |
| ૫ | સોયાબીન | ૭૫૧ | ૭૫૧ |
| ૬ | ઘઉં | ૫૫૨ | ૫૭૫ |
| ૭ | મેથી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૮ | ધાણા | ૧૩૫૫ | ૧૩૫૫ |
| ૯ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૧ |
| ૧૦ | જીરૂ | ૫૫૭૦ | ૫૫૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૧૦૨૫ | ૧૦૯૯ |
| ૩ | રાય | ૮૫૫ | ૯૪૦ |
| ૪ | રાયડો | ૮૦૦ | ૮૫૦ |
| ૫ | ઘઉં લોકવન | ૩૮૫ | ૪૪૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૫૦ |
| ૭ | મગફળી | ૮૦૦ | ૮૨૦ |
| ૮ | ધાણા | ૧૦૩૫ | ૧૨૫૫ |
| ૯ | શીંગ ફાડા | ૧૩૦૦ | ૧૩૯૫ |
| ૧૦ | એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | તુવેર | ૧૪૦૦ | ૧૪૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૨ | તલ પીળા | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૩ | તલ કાળા | ૨૭૦૧ | ૨૭૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૭ |
| ૫ | બાજરો | ૪૩૦ | ૫૧૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૦૦ |
| ૭ | જુવાર | ૪૮૬ | ૮૬૧ |
| ૮ | મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| ૯ | મગ | ૨૧૪૨ | ૨૧૪૨ |
| ૧૦ | અડદ | ૧૭૩૦ | ૧૭૩૦ |
| ૧૧ | તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૪૨ |
| ૧૩ | જીરૂ | ૫૪૫૫ | ૫૬૦૧ |
| ૧૪ | રાય | ૯૦૦ | ૧૪૭૫ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ૧૬ | ધાણા | ૧૨૨૫ | – |

આઈપીસી, સીઆરપીસી અને એવિડેન્સ એક્ટને બદલવા માટે લવાયા હતા

# દેશમાં પહેલી જુલાઈથી ત્રણ ફોજદારી કાયદા લાગુ થશે

## પહેલી જુલાઈ ૨૦૨૪થી નવા કાયદા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય ન્યાય સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ લાગૂ થશે

નવી દિલ્હી, તા.૨૪

દેશના ત્રણ નવા ફોજદારી કાયદા જે આઈપીસી, સીઆરપીસીઅને એવિડેન્સ એક્ટને બદલવા માટે લવાયા હતા, તે પહેલી જુલાઈ ૨૦૨૪થી લાગુ થશે. પહેલી જુલાઈ ૨૦૨૪થી નવા કાયદા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય ન્યાય સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ લાગૂ થશે. ગૃહ મંત્રાલયે આ અંગે આદેશ જાહેર કરી દીધા છે. આઈપીસીની જગ્યાએ બીએનએસહશે.

અંગ્રેજોના સમયમાં બનેલા ત્રણ કાયદા હવે ખતમ થઈ ગયા છે. સંસદના શિયાળુ સત્રમાં હાલમાં પસાર થયેલા ત્રણ સંશોધન કરાયેલા ક્રિમિનલ લૉ બિલને સોમવાર (૨૫ ડિસેમ્બર)એ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ મંજૂરી આપી દીધી હતી. ત્યાર બાદ ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય સંહિતાબિલ હવે કાયદો બની ગયા હતા. ત્યારે હવે આ કાયદા આગામી પહેલી જુલાઈ ૨૦૨૪થી દેશમાં લાગુ થઈ જશે.

હવે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હવે ભારતીય ન્યાય (દ્વિતીય) સંહિતા, દંડ પ્રક્રિયા સંહિતા (સીઆરપીસી) હવે ભારતીય નાગરિક સુરક્ષા (દ્વિતીય) સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ હવે ભારતીય સાક્ષ્ય (દ્વિતીય) સંહિતા ગણાશે.

જોકે, એક નવી કલમ હાલ લાગુ નહીં થાય. બીએનએસની કલમ ૧૦૬(૨) - ઝડપ કે બેદરકારીથી વાહન ચલાવવા અને પોલીસ/મેજિસ્ટ્રેટને તેની માહિતી અપાયા વગર ભાગવાથી મોત માટે ૧૦ વર્ષની સજાની જોગવાઈ, આ કલમને હાલ પૂરતી લાગુ કરવામાં આવશે નહીં.

આ ત્રણેય વિધેયક પહેલીવાર ઓગસ્ટ ૨૦૨૩માં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ વિધેયકોને સંસદના શિળાળુ સત્ર દરમિયાન લોકસભામાં ૨૦ ડિસેમ્બરે અને રાજ્યસભામાં ૨૧ ડિસેમ્બર પસાર કરાયા હતા. રાજ્યસભામાં વિધેયકોને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તરફથી રજૂ કરાયા બાદ ધ્વનિ મતથી પસાર કરાયા હતા. ગૃહની બાબતો પરની સ્થાયી સમિતિએ ઘણી ભલામણો કર્યા બાદ શિયાળુ સત્રમાં ફરીથી તૈયાર કરાયેલા સંસ્કરણો રજૂ કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે આ બિલનો મુસદ્દો વ્યાપક વિચારણા બાદ તૈયાર કરાયો હતો.

કયું કૃત્ય ગુનો છે અને તેના માટે શું સજા થશે? આ આઈપીસીહેઠળ નક્કી થાય છે. હવે તેને ભારતીય ન્યાય સંહિતા કહેવામાં આવશે. આઈપીસીમાં ૫૧૧ કલમો હતી, જ્યારે બીએનએસમાં ૩૫૮ કલમો હશે. ૨૧ નવા ગુના જોડાયા છે. ૪૧ ગુનાઓમાં જેલની મુદત લંબાવાઈ છે. ૮૨ ગુનાઓમાં દંડ વધારાયો છે. ૨૫ ગુનાઓમાં જરૂરી ન્યૂનતમ સજા શરૂ કરાઈ છે. ૬ ગુનાઓમાં સામાજિક સેવાનો દંડ રહેશે. તો ૧૯ કલમોને ખતમ કરી દેવાઈ છે.

ધરપકડ, તપાસ અને કેસ ચલાવવાની પ્રક્રિયા સીઆરપીસીમાં લખાયેલી છે. સીઆરપીસીમાં ૪૮૪ કલમો હતી. હવે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતામાં ૫૩૧ કલમો હશે. ૧૭૭ કલમોને બદલી દેવામાં આવી છે. ૯ નવી કલમો જોડવામાં આવી છે અને ૧૪ને ખતમ કરી દેવાઈ છે.: કેસના તથ્યોને કેવી રીતે સાબિત કરવામાં આવશે, નિવેદનો કેવી રીતે દાખલ થશે, એ તમામ ઈન્ડિયન એવિડન્સ એક્ટમાં છે. જેમાં પહેલા ૧૬૭ કલમો હતી. ભારતીય સાક્ષ્ય સંહિતામાં ૧૭૦ કલમો હશે. ૨૪ કલમોમાં ફેરફાર કરાયા છે. બે નવી કલમો જોડવામાં આવી છે, જ્યારે ૬ કલમોને હટાવી દેવાઈ છે.

આઈપીસીમાં કલમ ૧૨૪એહતી, જેમાં રાજદ્રોહના ગુનામાં ત્રણ વર્ષથી લઈને આજીવન કેદની સજાની જોગવાઈ હતી. બીએનએસ(ભારતીય ન્યાય સંહિતા)માં રાજદ્રોહની જગ્યાએ 'દેશદ્રોહ' લખવામાં આવ્યું છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, દેશ વિરૂદ્ધ કોઈ ન બોલી શકે અને તેના હિતોને નુકસાન ન પહોંચાડી શકે. દેશદ્રોહના આરોપીને આકરામાં આકરો દંડ મળવો જોઈએ. બીએનએસમાં કલમ ૧૫૦માં 'દેશદ્રોહ'થી જોડાયેલી જોગવાઈ કરવામાં આવી છે. કલમ ૧૫૦માં તેને 'ભારતની સંપ્રભુતા, એકતા અને અખંડતાને ખતરામાં મૂકનારા કૃત્ય' તરીકે સામેલ કરાઈ છે. બીએનએસમાં એવું કરનારા પર દોષી સાબિત થવા પર ૭ વર્ષની સજાથી લઈને આજીવન કારાવાસ સુધીની જોગવાઈ છે. આ સાથે દંડ પણ ફટકારાશે.

ખેડૂતો દિલ્હીની બોર્ડર પર આંદોલન કરી રહ્યા છે

# દિલ્હીથી જોડાયેલી બોર્ડર ખુલી, ટિકરી-કુંડલીથી બેરિકેડ હટાવાયા

## ૨૫ ફેબ્રુઆરીએ દેશભરના ખેડૂતોને જાગૃત કરાશે

નવી દિલ્હી, તા.૨૪

છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતો દિલ્હીની બોર્ડર પર આંદોલન કરી રહ્યા છે અને દિલ્હી તરફ કૂચ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જોકે હવે આ આંદોલનને લઈને ૧૨માં દિવસે રાહતના સમાચાર આવ્યા છે. દિલ્હીથી જોડાયેલી બોર્ડર ખુલવા લાગી છે. ટિકરી અને કુંડલીથી બેરિકેડ હટાવવામાં આવી રહ્યા છે. સંયુક્ત કિસાન મોર્ચા અને કિસાન મજદૂર મોર્ચા તરફથી ૨૪ ફેબ્રુઆરીની સાંજે શહીદ શુભકરણ સિંહ અને અન્ય ત્રણ શહીદ ખેડૂતોની સ્મૃતિમાં કેન્ડલ માર્ચ આયોજિત કરાશે. ૨૫ ફેબ્રુઆરીએ શંભૂ અને ખનૌરી બોર્ડર પર દેશભરના ખેડૂતોને જાગરૂક કરાશે.

ખેડૂતોની દિલ્હી કૂચના આહ્વાન બાદ ૧૩ ફેબ્રુઆરીએ બંધ કરાયેલા નેશનલ હાઈવે-૪૪ના સર્વિસ રોડને દિલ્હીની બોર્ડરથી પોલીસે ખોલવાનું શરૂ કરી દીધું છે. દિલ્હી પોલીસ સર્વિસ રોડ પર ચારેય લેનને ખોલી રહી છે. જેના ખુલવાથી દિલ્હી અવરજવરમાં ઘણી મદદ મળી શકશે. કુંડલી વિસ્તારના ઉદ્યોગપતિ, દુકાનદાર, વેપારીઓની સાથે આસપાસના લોકો પણ લાંબા સમયથી રોડને ખોલવાની માંગ કરી રહ્યા હતા. સર્વિસ રોડ ખોલવાથી વાહન ચાલકોને ઘણી રાહત મળી શકશે.

બહાદુરગઢમાં ટીકરી બોર્ડર ખુલવા લાગી છે. બોર્ડરથી બેરિકેડ હટાવાઈ રહ્યા છે. ૬ માંથી ૫ લેયરની બેરિકેડિંગ હટાવાઈ છે, જોકે કોંક્રીટની દિવાલ હટાવવાની બાકી છે. ત્યારે, બહાદુરગઢમાં સેકટર ૯ મોડથી બેરિકેડિંગ નહીં હટાવવામાં આવે.

શુક્રવારે ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલે વીડિયો જાહેર કરીને નવયુવાનોને શાંત રહેવાની અપીલ કરી હી. ડલ્લેવાલે કહ્યું કે, કેટલીક તાકાતો નવયુવાનોને ઉકસાવીને શાંતિપૂર્ણ રીતે ચાલી રહેલ કિસાન આંદોલનને હુલ્લડબાજીનું રૂપ આપવા માંગે છે, પરંતુ નવયુવાનોએ તેની ઉશ્કેરણીમાં ન આવીને શાંત રહેવાનું છે.

કિસાન નેતા સરવણ સિંહે આરોપ લગાવ્યો કે, હરિયાણા પોલીસ ત્યાં ખેડૂતોના ઘરેમાં જઈને મહિલાઓની ધમકીઓ આપી રહી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે, કેન્દ્ર સરકાર ખેડૂત આંદોલનમાં વિઘ્ન ઉભુ કરવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે, પરતુ કેન્દ્ર આ ભ્રમમાં ન રહે કે તેઓ દબાણ લગાવીને આંદોલન રોકી લેશે. આંદોલન અટક્યું નથી. ટુંક સમયમાં જ બેઠક કરીને આગળની રણનીતિ પર નિર્ણય લેવાશે.

જીતનરામ માંઝીનો નીતિશ પર કટાક્ષ

# અમે સરકાર બચાવીને સીએમ બનાવવાનું અહેસાન ચૂકવી દીધું

પટના, તા.૨૪

બિહારમાં એનડીએ સરકારની રચના બાદ બહુમત પરીક્ષણ દરમિયાન હિન્દુસ્તાન આવામ મોર્ચા (હમ) ના અધ્યક્ષ જીતનરામ માંઝીની પાર્ટી બદલવાની અટકળો લગાવાઈ રહી હતી પરંતુ તેઓ એનડીએની સાથે રહ્યા. હવે આ મુદ્દે માંઝીએ એક કાર્યક્રમમાં નીતીશનું નામ લેતા મોટુ નિવેદન આપ્યુ છે.

જીતનરામ માંઝીએ કાર્યક્રમ દરમિયાન નીતીશ કુમાર પર કટાક્ષ કરતા કહ્યુ, તમે અમને સીએમ બનાવ્યા હતા અને અમે તમારી સરકાર બચાવી હવે સરકાર બચાવીને અહેસાન ચૂકવી દીધુ છે.

પૂર્વ સીએમ માંઝીએ કહ્યુ, બીજાના ચક્કરમાં પડીને મને બહાર કરી દેવાયો હતો. ૧૨૨ વોટ જોઈતા હતા બિહાર એસેમ્બલીમાં સરકાર બનાવવા માટે અત્યારે ૧૨૫ વોટ આવ્યા અને તેમાંથી ૪ વોટ અમારા હતા, જો આ ૪ વોટ હટી જાત તો ૧૨૧ વોટ જ તેમની પાસે હોત. અમે સાથ આપ્યો, જો સાથ ન આપત તો નીતીશજીની સરકાર પડી જાત. મને સીએમ બનાવ્યો હતો તેમણે તો હવે હુ કહી શકુ કે મે પણ મારુ અહેસાન ચૂકવી દીધુ છે. નીતીશ કુમાર જ્યારે મહાગઠબંધનમાં સામેલ હતા તો વિધાનસભામાં માંઝીને લઈને ખૂબ નારાજ થઈ ગયા હતા. તેમણે માંઝીને અપમાનિત કરતા કહ્યુ હતું કે આને કોણ ઓળખતુ હતું. આ મારી મૂર્ખતાના કારણે સીએમ બની ગયા હતા.

ઉલ્લેખનીય છે કે ગૃહમાં બિહાર સરકારના જાતિગત સર્વે પર પ્રશ્ન ઉઠવા પર નીતીશ કુમાર નારાજ થઈ ગયા હતા. નીતીશ પોતાની સીટ પર ઊભા થયા અને કહ્યુ, આ કહે છે કે તે મુખ્યમંત્રી હતા, મારી મૂર્ખતાના કારણે મુખ્યમંત્રી બન્યા, આને કોઈ સમજણ છે? માંઝી માત્ર ૯ મહિના જ સીએમ પદ પર રહી શક્યા હતા અને તેમને નીતીશ કુમારના દબાણમાં રાજીનામુ આપવુ પડ્યુ હતું.

૨૦૨૪માં ગમે ત્યારે લોકસભાની ચૂંટણી યોજાશે

# ૫ વર્ષ ગ્રાઉન્ડ લેવલ પર મહેનત થાય તો મોદી હારે : પ્રશાંત કિશોર

## લોકોને રાજીવ ગાંધી અને ઈન્દિરા ગાંધીના સમયે પણ એવું જ લાગતું હતું કે તેમને હરાવી નહીં શકાય પણ હાર્યા

નવી દિલ્હી, તા.૨૪

લોકસભા ચૂંટણી ૨૦૨૪ની જાહેરાત ગમે ત્યારે થાય તેવા સંકેત મળી રહ્યા છે ત્યારે દેશના નાના-મોટા રાજકીય પક્ષોએ તૈયારીઓ અત્યારથી શરૂ કરી દીધી છે. કેન્દ્રમાં બિરાજિત ભાજપ પીએમ મોદીના જોરે ફરી એકવાર ત્રીજી વખત સરકારમાં આવવાની આશા રાખી રહ્યો છે. જ્યારે વિપક્ષ ભાજપના વિજયરથને રોકવાના ભરપૂર પ્રયાસો કરી રહ્યો છે.

અનેક ચૂંટણી સરવેમાં સામે આવ્યું કે પીએમ મોદીની પોપ્યુલારિટીનો ફાયદો આ વખતે પણ ભાજપને મળશે અને તેમની સામે બીજા કોઈને પડકાર ફેંકી શકે તેવી સ્થિતિમાં જ નથી. જોકે આ મામલે પ્રસિદ્ધ ચૂંટણી વ્યૂહરચનાકાર અને જનસુરાજ સંગઠનના સંયોજક પ્રશાંત કિશોરે કહ્યું કે એવું નથી કે પીએમ મોદીને હરાવી ના શકાય. તેમને પણ હરાવી શકાય છે. એક કાર્યક્રમમાં પ્રશાંત કિશોરે કહ્યું કે જે પણ વ્યક્તિ ૫ વર્ષ ગ્રાઉન્ડ લેવલ પર જઈને મહેનત કરવા તૈયાર હશે તે મોદીને પડકારી શકશે. એવા ભ્રમમાં ના રહેશો કે કોઈ તેમને હરાવી નહીં શકે કે પછી તે એટલા પોપ્યુલર છે કે કોઈ તેમની સામે ટકી શકે નહીં. મોદીને હરાવી શકાય છે અને ભૂતકાળમાં આવું થયું છે અને ભવિષ્યમાં પણ આવું થશે. લોકોને રાજીવ ગાંધી અને ઈન્દિરા ગાંધીના સમયે પણ એવું જ લાગતું હતું કે તેમને હરાવી નહીં શકાય. પણ ૧૯૭૭ની વાત કરીએ તો તે સમયે જેપીએ ઈન્દિરા ગાંધીને પડકાર્યા હતા. પ્રશાંતે કહ્યું કે જે સમયે કોંગ્રેસનો ડંકો વાગતો હતો દેશની ૪ હજારથી વધુ વિધાનસભાઓમાં ૨૫૦૦થી ૨૭૦૦ જેટલા ધારાસભ્યો તો તેમના જ હતા. આજના સમયમાં ભાજપની સ્થિતિ એવી મજબૂત છે જ નહીં. વધારેમાં વધારે ૧૬૦૦થી ૧૭૦૦ જ ધારાસભ્યો ભાજપના છે. એવું કહેવાતું હતું કે આજ સુધી આટલા મોટા નેતા ન તો પેદા થયા છે અને ન તો થશે. હાં ૨૦૨૪માં એવું થતું દેખાતું નથી.

ઉત્તર ભારતમાં ગાજવીજ સાથે વરરસાદની આગાહી

# આગામી બે દિવસ રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે

## ૨૮-૨૯ તારીખમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે, જેની અસર છેક માર્ચ મહિના સુધી રહેવાની શક્યતા

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં તાપમાન ઘટતા ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હવાની દિશા બદલાતા અચાનક ઠંડીનો પવન ફુંકાયો છે. સામાન્ય કરતા લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થયો છે. આગામી બે દિવસ રાજ્યમાં આવી ઠંડીનો ચમકારો યથાવત રહેશે તેવી આગાહી છે. બે દિવસ બાદ તાપમાન વધતા ગરમીની અનુભવ થવાની શક્યતા છે. પરંતુ માંડ ઠંડી જશે, ત્યાં વરસાદની આગાહી છે. દેશમાં ફરી કમોસમી વરસાદની આગાહી આવી ગઈ છે. દેશના કેટલાક રાજ્યોમાં ફરી વરસાદની આગાહી આવી છે. હવામાન વિભાગે ૧૦ થી વધુ રાજ્યોમાં યલો એલર્ટ આપ્યું છે. આ રાજ્યોમાં ભારે વરસાદ અને હિમવર્ષાની આપવામાં આવી ચેતવણી આપવામાં આવી છે. ખાસ કરીને, ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ સાથે કરાં પડવાની સંભાવના છે. તો પૂર્વ ભારતની આસપાસનાં વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વર્ષાની સંભાવના છે. ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા થવાની શક્યતા છે. પશ્ચિમ બંગાળ, સિક્કીમ અને અરૂણાચલ પ્રદેશમાં ભારે વરસાદ સાથે કરા પડવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે ૨૪થી ૨૬ ફેબ્રુઆરી સુધી હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. અરૂણાચલ પ્રદેશમાં આજે ભારે વરસાદ પડવાની શક્યતા છે. આસામ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને મેઘાલયમાં હિમવર્ષાની સંભાવના છે. તો કિન્નૌર, લાહોલ સ્પિતિ, શીમલા, ચંબા ને કુલ્લુ વિસ્તારોમાં હિમસ્ખલનની ભીતિ છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહીમાં જણાવ્યુ છે કે, ૨૪, ૨૫ અને ૨૬માં વાદળવાયું આવશે. ૨૮-૨૯ તારીખમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે, જેની અસર છેક માર્ચ મહિના સુધી રહેવાની શક્યતા રહેશે. આ સાથે તેમણે એમ પણ જણાવ્યુ છે કે, માર્ચ મહિનાની ચોથી તારીખથી વધુ ગરમી પડશે. આ ગરમીના કારણે અરબ સાગરનો આવતો ભેજ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કમોસમી વરસાદ થવાની સંભાવના રહેશે. માર્ચના પ્રથમ પંદર દિવસ તો મધ્ય ગુજરાતમાં વડોદરા વગેરે ભાગોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીને પાર કરી જવાની શક્યતા રહેશે. અમદાવાદ, ગાંધીનગરમાં પણ ગરમી પડશે.

અંબાલાલ પટેલે કમોસમી વરસાદની આગાહીમાં જણાવ્યુ કે, તારીખ ૭, ૮ અને ૯ માર્ચ ત્યાર બાદ ૧૧થી ૧૪ તારીખ દરમિયાન હવામાનમાં પલટો આવશે. માર્ચ મહિનાના પ્રથમ પંદર દિવસમાં હવામાનમાં પલટો આવતાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષા થશે. કમોસમી વરસાદ થશે. કરા પડવાની શક્યતા રહેશે. માર્ચ મહિનામાં એક મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે. જેના કારણે કચ્છના ભાગો, ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગો, પૂર્વ ગુજરાતના ભાગો, ઉત્તર સૌરાષ્ટ્રના અમુક ભાગમાં વરસાદ થઈ શકે છે. બનાસકાંઠાના ભાગો, કચ્છના ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા વધુ રહેશે.

ગુજરાતમાં છુટાછવાયા વરસાદની પણ આગાહી છે. અંબાલાલ પટેલે માવઠાની આગાહી કરતા જણાવ્યું હતું કે, વેસ્ટન ડિસ્ટર્બન્સ આવશે જેની અસર ઉત્તર ગુજરાતના ભાગોમાં થશે. ઉત્તર ગુજરાત અને કચ્છના ભાગોમાં છાંટાછૂટી થવાની શક્યતા રહેશે. આ દિવસોમાં પવનની ગતિ પણ વધારે રહેશે.ત્રણથી પાંચ માર્ચ દરમિયાન મુંબઈના ભાગો સુધીમાં વાદળછાયું વાતાવરણ રહેશે. પથી ૭ માર્ચમાં ગુજરાતના ભાગોમાં વાદળો આવશે.

ઉત્તર પ્રદેશમાં પોલીસ ભરતીની પરીક્ષાનું પેપર ફૂટ્યું

# પેપર લિક થતાં યુપી પોલીસ ભરતીની પરીક્ષા રદ, છ મહિનામાં ફરી લેવાશે

લખનઉ, તા.૨૪

ગુજરાતમાં તો અવારનવાર પેપર ફૂટવાની ઘટના બનતી રહે છે અને સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ઉમેદવારોની મહેનત પર પાણી ફરી વળે છે. ત્યારે હવે ઉત્તર પ્રદેશમાં પોલીસ ભરતીની પરીક્ષાનું પેપર ફૂટ્યું હોવાનું સામે આવ્યું છે. જેને લઈને યોગી સરકારે ઉત્તર પ્રદેશ પોલીસ કોન્સ્ટેબલની ભરતી રદ કરી દીધી છે. પેપર લીકના દાવા બાદ લાખો ઉમેદવારોએ પરીક્ષા રદ કરવા માગ કરી હતી.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક્સ પોસ્ટ કરીને લખ્યું 'યુપી પોલીસ કોન્સ્ટેબલ ભરતી પરીક્ષા રદ કરવામાં આવી છે અને આગામી ૦૬ મહિનામાં ફરી પરીક્ષા લેવાના આદેશો આપવામાં આવશે.

યુપી પોલીસ દ્વારા કોન્સ્ટેબલની પોસ્ટ પર કુલ ૬૦૨૪૪ જગ્યાઓ ભરવા માટે ૧૭ અને ૧૮મી ફેબ્રુઆરી ૨૦૨૪માં આયોજન કરવામાં આવ્યું હતું. ૪૮ લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ઉમેદવારોનું કહેવું છે, ૧૮મી ફેબ્રુઆરીની સાંજે ૩થી ૫ શિફ્ટમાં લવાયેલી પરીક્ષાનું પેપર લીક થયું હતું, પ્રશ્નપત્રો તમામ ઉમેદવારો અને કોચિંગ શિક્ષકો સુધી પહોંચી ગયા હતા.અહેવાલો અનુસાર, પોલીસ ભરતી પરીક્ષાનું પેપર લીક કરનારા ઉત્તર પ્રદેશ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)ના 'રડાર' પર છે અને અત્યાર સુધીમાં ઘણાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, સરકારી નોકરી મેળવવી દરેક યુવાનોનું સપનું હોય છે. સરકારી નોકરી ઈચ્છુક યુવાનો મહેનત કરે છે, ઘર છોડી સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારી કરે છે. પરંતુ પરીક્ષાના આગલા દિવસે અથવા પરીક્ષા બાદ પેપર લીક થયાનું સામે આવતા પરીક્ષા રદ થાય છે અને યુવાનો સહિત તેમના પરિવારોની આશા પર પાણી ફરી વળે છે.

ઓખા-બેટ દ્વારકાને જોડતા બ્રિજનું વડાપ્રધાન કરશે લોકાર્પણ

# સૌથી લાંબો સ્પાન ધરાવતો આ બ્રિજ ૧૦૦ વર્ષ ટકી શકશે

## આ એવો બ્રિજ છે જેને બનાવવાનું સપનું ખુદ વડાપ્રધાને જોયું હતું

દ્વારકા, તા.૨૪

આખોને બેટ દ્વારકા સાથે જોડતે કેબલ સ્ટેયડ બ્રિજ બનીને તૈયાર થઈ ગયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૨૫ ફેબ્રુઆરીએ તેનું લોકાર્પણ થવાનું છે. દેશના આ સૌથી લાંબા બ્રિજની ડિઝાઈન ખુદ પ્રધાનમંત્રીએ બનાવી છે. સૌથી લાંબો સ્પાન ધરાવતો આ બ્રિજ ૧૦૦ વર્ષ ટકી શકે તેવો એકમાત્ર બ્રિજ છે.

ઉછળતા મોજા, અને ઘૂઘવાટા મારતો દરિયો....દરિયા નજીક આવેલી ખળખળ વહેતી પવિત્ર ગોમતી નદી...અને આ જ ગોમતીના કાંઠે આવેલું ભગવાન દ્વારિકાધિશનું મંદિર...જ્યાં દર વર્ષે લાખોની સંખ્યામાં ભક્તો નતમસ્તક થવા આવે છે. આ જ પવિત્ર અને પૌરાણિક નગરી દ્વારિકાને મળવા જઈ રહી છે સૌથી મોટી ભેટ...

દ્વારકાના દરિયામાં જ આવેલા ભગવાન દ્વારિકાધિશ સાથે જોડાયેલા બે મહત્વના ધાર્મિક સ્થળ ઓખા અને બેટ દ્વારકા...આ બન્ને સ્થળે જવા માટે ભક્તો લાખોની સંખ્યામાં આવે છે. પરંતુ બન્ને વચ્ચે ઘૂઘવાટા મારતા દરિયાને કારણે બોટમાં સવાર થઈને પહેલા જવું પડતું હતું. પરંતુ હવે આ બન્ને સ્થળોને એક બ્રિજથી જોડવાનું કામ પ્રધાનમંત્રીએ કર્યું છે. અને આ જ બ્રિજનું લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૫ ફેબ્રુઆરીએ કરવાના છે. બ્રિજ એટલી ખૂબી અને વિશેષતાઓથી ભરેલો છે કે તમે જાણશો તો ચોંકી જશો.

આ એવો બ્રિજ છે જેને બનાવવાનું સપનું ખુદ પ્રધાનમંત્રીએ જોયું હતું...સપનું જોયા બાદ તેને હકિકતમાં બદલવાનું પણ કામ તેમણે જ કર્યું. બ્રિજની ડિઝાઈનથી લઈ નાનામાં નાની વસ્તુઓનું બારીકાઈથી તેમણે નિરીક્ષણ કર્યા બાદ હવે બ્રિજ તૈયાર થઈ ગયો છે ત્યારે તેઓ લોકાર્પણ કરવા જઈ રહ્યા છે. હવે દેશમાં સૌથી લાંબો સ્પાન ધરાવતો ૧૦૦ વર્ષ ટકી શકે તેવો એકમાત્ર આ કેબલ સ્ટેયડ બ્રિજ છે. તેના પિલર પર દરિયાની સપાટીથી ૧૫૦ મીટર ઊંચા છે. આ બ્રિજને પહેલા સિગ્નેચર બાદમાં સુદર્શન સેતું નામ આપવામાં આવ્યું છે.

અહીં ચાર લેન વાહનો માટે અને બંને બાજુ પેડેસ્ટ્રિયન માટે ૨.૫ મીટરનો કોરિડોર અને ગોલ્ફકાર્ટ પણ જઈ શકે તેવી રીતે બનાવાયો છે. પેડેસ્ટ્રિયન કોરિડોરમાં જતા દર્શનાર્થીઓને તડકો લાગે નહીં તે માટે ઉપર એક મેગા વોટનો સોલાર પ્લાન્ટ કવર શેડ તરીકે મુકાયો છે, જેથી બ્રિજ માટે લાઈટિંગની જરૂરિયાતની વીજળી તેમાંથી જ મળી રહે અને બાકીની વીજળી સરકારી અન્ય ગ્રીડમાં અપાશે.

સૌરાષ્ટ્ર માટે નવું નજરાણું બનવા જઈ રહેલા આ બ્રિજની વિશેષતાઓની વાત કરીએ તો ઓખા-બેટ દ્વારકા સિગ્નેચર બ્રિજ કુલ ૨૩૦૦ મીટર લાંબો છે. જેમાં કેબલ સ્ટેયડ પાર્ટની લંબાઈ ૯૦૦ મીટર છે, ૨૭ મીટર પહોળો છે. સમુદ્રના પાણીની સપાટીથી ૧૮ મીટર ઊંચો હોવાથી જહાંજો પણ પસાર થઈ શકે છે.

૧૫૦ મીટર ઊંચા બાહ્ય આકારના કર્વ શેપ પિલર પર મોરનાં પીંછાંની છાપ બનાવવામાં આવી છે. જે દિવસે અને રાત્રે દ્રશ્યમાન થાય છે. બ્રિજ પર ઠેર ઠેર ગીતાનું જ્ઞાન અને ધાર્મિક માહિતીનું કોતરણી કામ કરાયું છે. બ્રિજના પીલર પર પેડેસ્ટ્રિયન કોરિડોર બનાવાયો છે. જેમાં કેન્ટીલીવર વ્યૂ ગેલેરીઓ બનાવાઈ છે.

બ્રિજના બન્ને છેડે ખાસ પાર્કિંગની સુવિધા ઉભી કરાઈ છે. જેમાં ઓખા બાજુ ૨૪ હજાર ચોરસ મીટર અને બેટ દ્વારકા બાજુ ૧૬ હજાર ચોરસ મીટર મુખ્ય પાર્કિંગ ઉભુ કરાયું છે.

અદભૂત, અવિશ્વનિય લાગતો આ બ્રિજ રાત્રીના સમયે જ્યારે લાઈટિંગ કરવામાં આવે ત્યારે તો સોળે કળાએ ખીલી ઉઠે છે. રાતના સમયે બ્રિજનો નજારો નયનરમ્ય હોય છે. દરિયાનો ઘૂંઘવાટા મારતો અવાજ અને તેની ઉપર આ બ્રિજનો લાઈટિંગનો નજારો દ્વારિકાની સુંદરતાને ચાર ચાંદ લગાવી દે છે. બ્રિજ બનીને તૈયાર થઈ ગયો છે ત્યારે દ્વારકાવાસીઓની સાથે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના લોકો તેના લોકાર્પણની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

ગિરનાર પર ક્યાંય પ્લાસ્ટિક બોટલમાં પાણી નહિ વેચાય

# ગિરનારને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે હાલ અભિયાન શરૂ કરાયું છે

## તંત્રના આ નિર્ણય સામે વેપારીઓ વિરોધમાં ઉતર્યા છે

જુનાગઢ, તા.૨૪

ગિરનારને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે હાલ અભિયાન શરૂ કરાયું છે. તેથી ગિરનાર પર ક્યાંય પ્લાસ્ટિક બોટલમાં પાણી નહિ વેચાય. તંત્રના આ નિર્ણયથી મુસાફરોની હાલત કફોડની બની છે. તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ગિરનાર પર્વત પરના વેપારીઓને વોટર-જગ આપવામાં આવ્યા છે, પરંતુ અહીં આવતા પ્રવાસીઓ વોટર-જગમાંથી લૂઝ પાણી પીવા તૈયાર નથી. તો બીજી તરફ, ગિરનાર ચઢવા માટે કોઈ શ્રદ્ધાળુઓ કેટલુ પાણી ઉપાડીને ચઢે. એક તરફ, તંત્રના આ નિર્ણય સામે વેપારીઓ વિરોધમાં ઉતર્યા છે.

બીજી તરફ, આરોગ્યને ધ્યાનમાં રાખીને મુસાફરો લુઝ પાણી પીવા તૈયાર થતા નથી. જેથી હાલ ગિરનાર આવી રહેલા શ્રદ્ધાળુઓ પરેશાન થઈ ગયા છે. તંત્ર આ સમસ્યાનો હલ કાઢે એવી વેપારીઓ અને પ્રવાસીઓ માગ કરી હતી.

હાલ શ્રદ્ધાળુઓ માટે પીવાના પાણી માટે ગિરનાર સીડીઓ પર પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. ઉપરાંત દુકાનદારોને તંત્ર દ્વારા સીએસઆર અંતર્ગત પાણીના કેરબા પણ આપવામાં આવ્યા છે. પરંતુ તે પૂરતુ નથી. ગિરનારના ૧૦ હજાર પગથિયા ચઢવા હોય તો મુસાફરોને ડગલે ને પગલે પાણીની જરૂર પડશે, તેમાં પણ હવે તો ઉનાળો આવ્યો છે. જો આવામાં કોઈ શ્રદ્ધાળુઓને કંઈ થયુ તો કોની જવાબદારી.

કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ પણ ગિરનાર આવતા શ્રદ્ધાળુ યાત્રિકોને પ્લાસ્ટિકની બોટલ કે પ્લાસ્ટિકની અન્ય કોઈપણ ચીજ વસ્તુઓ સાથે ન લાવવા માટે અનુરોધ કર્યો છે. તેમજ પ્લાસ્ટિકના વપરાશથી ગિરનાર, વન્યપ્રાણી અને પર્યાવરણ હાનિ ન પહોંચે તે માટે સહયોગ આપવા પણ અપીલ કરી છે. ઉપરાંત પ્રવાસી-શ્રદ્ધાળુઓ માટે પીવાના પાણી માટે ટેટ્રાપેક ઉપલબ્ધ રાખવાનુ આયોજન હેઠળ છે.

ગિરનાર પર પાણી બંધ થતાં ૧૨૦થી વધુ વેપારીઓ દ્વારા હડતાલ પાડવામાં આવી છે. જેમાં હાઈકોર્ટના હુકમથી પ્લાસ્ટિક પર પ્રતિબંધ છે તેથી પાણીની બોટલના વેચાણ બંધ થયાં છે. મંદિર સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા નહીં તો ઉગ્ર આંદોલન થશે. તેમજ વેપાર-ધંધો બંધ રાખવામાં આવશે અને આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ગિરનાર પર પાણીની કોઈપણ જાતની વ્યવસ્થા ન હોય અને પ્લાસ્ટિકની પાણીની બોટલોનું વેચાણ પણ બંધ કરવામાં આવતાં વેપાર રોજગાર પર માઠી અસર પડી છે. જેનાં કારણે ગિરનાર સીડી પરનાં નાના-મોટા આશરે ૧૨૦ જેટલા વેપારીઓએ હડતાલ પર ઉતરી ગયા છે.

લોકસભા ચૂંટણીને લઈ રાજકીય પક્ષોની તૈયારી જોરમાં

# કોંગ્રેસ અને આપ વચ્ચે ચૂંટણીમાં બેઠકોની વહેંચણીને લઈ ડીલ ફાઈનલ

## આપ દિલ્હીમાં ૪ બેઠકો પર જ્યારે કોંગ્રેસ ૩ બેઠક પર લડશે, ગુજરાતમાં કોંગ્રેસ ૨૪, આપ બે બેઠકો પરથી ચૂંટણી લડશે

નવી દિલ્હી, તા.૨૪

લોકસભાની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને ડીલ ફાઈનલ થઈ ચૂકી છે. મુકુલ વાસનિકે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે દિલ્હીની આમ આદમી પાર્ટી દિલ્હીમાં ૪ બેઠકો પર લડશે જ્યારે કોંગ્રેસ ૩ બેઠક પર લડશે. ચંડીગઢમાં લોકસભા સીટ અને ગોવાની બંને સીટો પર કોંગ્રેસ જ તેના ઉમેદવારો ઉતારશે. જ્યારે હરિયાણામાં ૯ સીટો પર કોંગ્રેસ અને ૧ સીટ પર આમ આદમી પાર્ટી ચૂંટણી લડશે. મહત્ત્વપૂર્ણ એ છે કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી બે સીટ તથા કોંગ્રેસ ૨૪ બેઠક પર લડવા માટે સહમત થઈ ગયા છે. આપ તરફથી આતિશી, સંદીપ પાઠક અને સૌરભ ભારદ્વાજ, કોંગ્રેસ તરફથી મુકુલ વાસનિક, દીપક બાબરિયા અને અરવિંદર સિંહ લવલીએ પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપી હતી. કોંગ્રેસના નેતા મુકુલ વાસનિકે કહ્યું કે ઈન્ડિયા ગઠબંધનમાં સમાવિષ્ટ પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી અંગે ચર્ચા થઈ છે. આમ આદમી પાર્ટી દિલ્હીમાં નવી દિલ્હી, પશ્ચિમ દિલ્હી, દક્ષિણ દિલ્હી અને પૂર્વ દિલ્હી લોકસભા બેઠકો પરથી ચૂંટણી લડશે. જ્યારે કોંગ્રેસ ઉત્તર પૂર્વ, ઉત્તર પશ્ચિમ અને ચાંદની ચોક બેઠકો પર ચૂંટણી લડશે. ગુજરાતમાં આમ આદમી પાર્ટી ભરૂચ અને ભાવનગર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે. જ્યારે હરિયાણામાં તે કુરુક્ષેત્ર લોકસભા સીટ પરથી પોતાનો ઉમેદવાર ઉતારશે. ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા લખનઉમાં સપા-કોંગ્રેસ ગઠબંધનની જાહેરાત કરવામાં આવી હતી.

ગુજરાતમાં કોંગ્રેસ અને આપ પણ સાથે મળીને ચૂંટણી લડશે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોમાંથી, કોંગ્રેસ ૨૪ બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે આપ ભરૂચ અને ભાવનગરમાં બેઠક પરથી ચૂંટણી લડશે.

## કેન્દ્રીય મંત્રી રૂપાલા, માંડવીયા, ધારાસભ્ય કસવાલા, મુકેશ સંઘાણી અને હિરેન હિરપરા હોટ ફેવરીટ


# અમરેલી લોકસભા બેઠકમાં ભાજપનાં ઉમેદવારની વ્યાપક ચર્ચા

**આગામી ૧૫ દિવસ બાદ લોકસભાની ચૂંટણીઓ જાહેર થવાની સંભાવનાં હોય જિલ્લાનાં રાજકારણમાં ગરમાવો આવ્યો**

**વર્તમાન સાંસદ કાછડીયાનો નો રિપીટ થીયરીમાં સમાવેશ હોવાનું સૌ માને છે**

**અમરેલી બેઠકનાં ઉમેદવારનું નામ આગામી ૨૦ થી ૨૫ દિવસમાં જાહેર થાય તેવી સંભાવના**

**ભાજપ માટે સુરક્ષિત ગણાતી અમરેલી બેઠક પર અન્ય મુરતીયાઓ પણ મહેનત કરી રહ્યા છે**







અમરેલી, તા. ૨૪

અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર કોણ હશે તેને લઈને જિલ્લાનાં રાજકીય કાર્યકરો અને મતદારોમાં અનેકવિધ અટકળો અને ચર્ચાએ જોર પકડેલ છે. કારણ કે વર્તમાન સાંસદ નારણભાઈ કાછડીયાને ભાજપ હાઈકમાન્ડ મેદાનમાં નહી ઉતારે તેવું સૌ કોઈ માની રહ્યું છે.

અમરેલી બેઠક ઉપર સૌથી વધુ ચર્ચા કેન્દ્રીય મંત્રી રૂપાલા અને માંડવીયા, ધારાસભ્ય મહેશ કસવાલા, મુકેશ સંઘાણી અને હિરેન હિરપરાનાં નામની થઈ રહી છે અને જો ઉપરોકત પાંચ નામો પૈકી કોઈ એક નામની પસંદગી થશે અને જો સર્વસંમતિ ન થાય તો અન્ય કોઈ ઉમેદવાર બની શકે.

ભારતીય જનતા પાર્ટીમાં કોઈપણ વ્યકિત ગેરન્ટીથી પોતાને ટિકિટ મળશે તેવું કહી શકે તેમ નથી. કારણ કે અમરેલી સહિત રાજયની તમામ ૨૬ બેઠકો ઉપર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાની જે કોઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## સરકારી તંત્રની ઉદાસીનતાનાં કારણે નવિનીકરણ થતું નથી

# દામનગરમાં જાળવણીનાં અભાવે ૧૩૫ વર્ષ જૂની ઐતિહાસિક ૩ ઈમારતોની જાળવણી કરવી જોઈએ

**નગરસેવકથી લઈને સાંસદ સુધીનાં પદાધિકારીઓ દરમિયાનગીરી કરે**



દામનગર, તા. ૨૪

ધર્મ સ્થાનો હજારો વર્ષ જૂની સાંસ્કૃતિક પરંપરા ભલે હોય દામનગરની ૧૩૫ વર્ષ ઐતિહાસિક ત્રણ પૂર્વ સરકારી ઈમારતોની જાળવણી કરવામાં અમરેલી તંત્ર નીરસ..! કે ભલે દુર્ઘટના થાય એવા વિચારોમાં, વિકાસ કંઈ રીતે થશે..!! ઉઠેલા સવાલોના જવાબ સરકારી તંત્ર આપે એવી લાગણી છે. દેશને આઝાદી મળી ગઈ તેને પણ આજે ૭૫ વર્ષ થયા તે પહેલાની એટલે કે ૧૮૮૯ની સાલમાં તે સમયના રાજા સર દામાજીરાવ ગાયકવાડ સરકારે દામનગર શહેરની મધ્યમા જનતાના કામો સરળતાથી

**અનુસંધાન પાના ૬ ઉપર**

# અમરેલીમાં ડિવાઈડરમાં જાળી લગાવો



અમરેલી જિલ્લાનું મથક છે અને વિકસતા શહેરનાં માર્ગો પરનાં ડીવાઈડરમાં બંને બાજુ જાળી ફીટ કરેલ ન હોય લોકો ગમે ત્યારે રસ્તો ક્રોસ કરતા હોય અકસ્માત થવાનો ભય રહેતો હોય છે. સત્તાધીશો આ પ્રશ્ન હલ કરે તે ખાસ જરૂરી છે.

## હરેશભાઈ કાળુભાઈ જાદવ નામના

# લાઠીનાં ધ્રુફણીયા ગામના આધેડે પત્નીએ છુટાછેડા લેતા ઝેરી દવા ગટગટાવી

**પોતાનાથી કામ થઈ શકે તેમ ન હોય અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૨૪

લાઠી તાલુકાના ધ્રુફણીયા ગામે રહેતા હરેશભાઈ કાળુભાઈ જાદવ નામનાં ૪૮ વર્ષિય આધેડની પત્નિએ છુટાછેડા લીધેલ હોય, અને પોતાનાથી કંઈ કામ થઈ શકે તેમ ન હોય અને કંટાળી જઈ પોતાને લાગી આવતા પોતે પોતાની મેળે વાડીએ જઈ જીરામાં છાટવાની ઝેરી દવા પી જતા ઝેરી દવાની અસર થતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## હીટરથી પાણી ગરમ કરવા જતાં

# સાવરકુંડલા : વીજપડી ગામે રહેતી એક પરિણીતાનું ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી મોત

**બચાવવા ગયેલ સાસુ અને નણંદને સામાન્ય ઈજા**

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલાના વિજપડી ગામે રહેતા બિંદીયાબેન ધર્મેશભાઈ રાઠોડ નામની ૩૦ વર્ષિય પરિણીતાએ નાહવા માટે તેમના ઘરે ફળીયામાં ચોકડીમાં સ્ટીલની ડોલમાં પાણી ભરી અને તેમાં ઈલેકટ્રીક હીટર મુકી, હીટર ચાલુ કરી પાણી ગરમ કરવા મુકેલ હોય, જે ગરમ પાણી લેવા માટે જતા ઈલેકટ્રીક શોક લાગતા પડી ગયેલ અને બેભાન થઈ ગયેલ અને તેણીને બચાવવા તેણીના સાસુ તથા તેમના બે નણંદો ગયેલ અને તેમના સાસુએ પ્લગમાંથી પીન કાઢી લીધેલ. તે દરમ્યાન તેમના સાસુ તથા તેમના બંને નણંદોને પણ સામાન્ય ઈલેકટ્રીક શોક લાગેલ અને બિંદીયાબેનને રાજુલા પ્રાઈવેટ હોસ્પીટલ સારવાર માટે લઈ ગયેલ જયાં તેણીનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


જોઇએ છે

કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ
NCT (ગોળ હોસ્પિટલ) કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

અમરેલીની સૌથી આધુનિક ICU ધરાવતી હોસ્પિટલમાં 24X7 ઇમરજન્સીમાં ફિઝિશિયન હવે રેગ્યુલર મળશે.

Dr. Jagruti Chandpa (M.D. Medicine)

- હૃદયના એટેકની સારવાર.
- તમામ પ્રકારની ઝેરી દવા, વીંછી, સર્પદંશ તથા કોઈપણ પ્રકારના પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ.
- ફેફસાના રોગો, કિડનીના રોગો, લીવરના રોગો, પક્ષાઘાત, થાઈરોઈડ, ડાયાબિટીસ, બી.પી., બધા પ્રકારના વા તથા બધા પ્રકારના તાવની સારવાર ઉપલબ્ધ.
- દમ, ટીબી, ખેંચ, આચકી ની સારવાર ઉપલબ્ધ.

ડૉ. જાગૃતિ ચાંડપા (એમ.ડી. મેડિસીન)
કન્સલ્ટન્ટ ફિઝિશિયન એન્ડ ઇન્ટેન્સિવીસ્ટ
99789 66629 / 99045 93355

ઉપલબ્ધ સુવિધાઓ:
અતિ આધુનિક સુવિધા યુક્ત આઈ. સી. યુ. તથા વેન્ટિલેટર ની સુવિધા / ઈ.સી.જી. તથા મલ્ટીપેરા મોનિટર / એક્સ રે / મેડિકલ / લેબોરેટરી / એમ્બ્યુલન્સ ની સુવિધા.



Kelvinator સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
Kelvinator ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી.



LG BEST SHOP Life's Good.
EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK
T&C Apply
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો.99 74 77 23 77


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)